ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષઃ ૨૮ || અંકઃ ૫ || મે ૨૦૨૬ || સળંગ અંક : ૬૫૫

# વિ-વિદ્યાનગર

(Peer-Reviewed Magazine)



चारुतर विद्यामंडल - वल्लभ विद्यानगर

कर्मण्येवाधिकारस्ते।

**CHARUTAR VIDYA MANDAL**

(Est: 1945)

Vallabh Vidyanagar-388120

www.vvidyanagar.ecvm.net

# ।। આદ્યસ્થાપકોને શ્રદ્ધાંજલિ ।।



વલ્લભ વિદ્યાનગર અને ચારુતર વિદ્યામંડળના આદ્યસ્થાપક અને ભૂતપૂર્વ માનદ્ મંત્રી સ્વ. શ્રી ભીખાભાઈ કુબેરભાઈ પટેલ (ભીખાભાઈ સાહેબ)ની પૂણ્યતિથિ નિમિત્તે વલ્લભ વિદ્યાનગર ખાતે બીબીઆઈટી-ઈસ્કોન મંદિર સામે આવેલ પૂ.ભીખાભાઈ સાહેબની પ્રતિમા તથા સમાધિએ તા.૨૧/૦૪/૨૦૨૬ના રોજ પુષ્પાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી તથા ધી ચારુતર વિદ્યામંડળ (સીવીએમ) યુનિવર્સિટીના પ્રમુખશ્રી એન્જિ. ભીખુભાઈ બી. પટેલ, માનદ્ મંત્રી શ્રી ડૉ. એસ. જી. પટેલ, માનદ્ સહમંત્રીશ્રી વિશાલ એચ. પટેલ તથા ધી ચારુતર વિદ્યામંડળ (સીવીએમ) યુનિવર્સિટીના પ્રોવોસ્ટ પ્રો. (ડૉ.) ઈન્દ્રજિત એન. પટેલ, સુશ્રી વિનોદીનીબેન બી. પટેલ, બીબીઆઈટી કૉલેજના પ્રાધ્યાપકો સ્ટાફ તથા વિવિધ કૉલેજોના આચાર્યશ્રીઓ, વડાશ્રીઓ તથા કર્મચારીગણ ઉપસ્થિત રહ્યા હતા અને પૂ.ભીખાભાઈ સાહેબને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.



વિ-વિદ્યાનગર
ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

મે-૨૦૨૬
વર્ષ : ૨૮ અંક : ૫
સળંગ અંક : ૬૫૫

**ISSN 0976-9609-V Vidyanagar**

**તંત્રી**
ઉર્વીશ છાયા
**પરામર્શન**
ભગીરથ બ્રહ્મભટ્ટ
**સંપાદક મંડળ**
આર. કે. માંડલિયા ● મનીષા રાઠોડ
ભીખાભાઈ દેસાઈ ● રાજીવ પટેલ
**પ્રકાશક**
ડૉ. એસ. જી. પટેલ
માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦
●
**મુદ્રક**
સીવીએમ પ્રેસ, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦
સ્થાપના વર્ષ : ૧૯૪૫

कर्मण्येवाधिकारस्ते

**પ્રમુખ** — શ્રી પ્રયાસ્વીનભાઈ બી.પટેલ
**ઉપપ્રમુખ** — શ્રી મનીષભાઈ એસ.પટેલ
**અધ્યક્ષ** — શ્રી ભીખુભાઈ બી. પટેલ
**માનદ્ મંત્રી** — ડૉ. એસ. જી. પટેલ
**માનદ્ સહમંત્રીઓ**
શ્રી મેહુલ ડી. પટેલ શ્રી વિશાલ એચ. પટેલ

**વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ**

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ ● ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ ● ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઇજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિતકલાઓ ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટૅક્નૉલૉજી, હોટેલ મેનેજમેન્ટ, ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ એન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ ● અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઇજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો ● વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ ● કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો ● વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ ● સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જ્વળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન ● પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ ● સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણ સંસ્થાઓની સ્થાપના થતી રહી છે. ● રાજ્યની પ્રથમ મહિલા ઇજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કોલેજ, ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઇએએસ એકેડેમી ●કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કોલેજ ● ઇન્ટિરિયર ડિઝાઇન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઇન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.

અંકની છૂટક કિંમત : ₹ ૧૫/- રવાનગી ખર્ચ : ₹ ૧૦/- વાર્ષિક લવાજમ : ₹ ૧૫૦/-
વિદ્યાર્થી લવાજમ : ₹ ૧૦૦/- આજીવન લવાજમ : ₹ ૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઇ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલ સ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. ।વિ। નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી પૂર્વ અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલની નિસબત અને ઉદારતાના ફળ સ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ.૧૯૯૯થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

વિ-વિદ્યાનગર www.vvidyanagar. ecvm. net પર મૂકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

**આ માસની વિચાર-કણિકા**

તારાદેનું સત રાખવા માળી ન્યાતા મોરારી રે..હો..જી..
માલે રૂપાંનાં હેરણાં હૈર્યા, માલે રૂપાનાં હાં....
એ... હેરણા હેર્યા, આરાધે મોજડી ઉતારી...
ભજનના વાગે....


|| પ્રાથમ્ય || પ્રાયશ્ચિત....................................૩
**સંકલન : એસ.જી.પટેલ (લેખક : પાર્થિવ નાણાવટી)**
|| વૈભવ અને વારસો || ...............................૬
**પદ્ય-વિભાગ :** હરજી ભાટી
|| નવાં કાવ્યો || .........................................૭
**પુષ્કરરાય જોષી, બાબુ નાયક, ભૂપેન્દ્ર વ્યાસ 'રંજ', હસમુખ શાહ 'બેઝાર સાસ્તાપુરી'**
|| વૈભવ અને વારસો ||
**ગદ્ય-વિભાગ :** થોડાક દોરાનો ફેર........................૮
**બબલભાઈ મહેતા**
|| લઘુકથા-૧ || ઉજળા પડછાયા..........................૯
**ચંદુભાઈ પ્રજાપતિ**
|| લઘુકથા-૨ || આંકડાશાસ્ત્ર................................૯
**મનસુખ સલ્લા**
|| વાર્તા-સમીક્ષા || ચંચળ મન અને સંબંધોના બદલાતા રંગોની વાર્તા : 'રંગ રંગ વાદળિયાં' .......................૧૦
**જિજ્ઞેશકુમાર એમ. ઠાકર**
|| વ્યક્તિત્વ || જયાબેન શાહનું જીવન ઝરમર...........૧૪
**નેહાબેન નીતિનભાઈ પરમાર**
|| ઐતિહાસિક || ૧૮૫૭માં વડોદરા.....................૧૮
**પારિકા જશવંતભાઈ રાઠોડ**
|| વાર્તા-આસ્વાદ || આમાંથી કોઈ પણ નહીં: 'સંજીવની સમજણરૂપી સંજીવની' .................................૨૨
**અરુણ પરમાર**
|| વાર્તા || નહિ જેવી વાત ..........................૨૬
**ગોરધન ભેસાણિયો**
|| ચિંતનકણિકા || Shakespeare Quote.........૨૯
**આર. કે. માંડલિયા**
|| સાંપ્રત સત્ય || જ્યારે કેમ્પસ ચમકે છે, પરંતુ વર્ગખંડો મૌન લાગે છે.............................................૩૦
**યશેષ દરજી**
|| આયુર્વેદ || Greeshma Ritucharya:An Ayurvedic Approach to Summer Wellness................................................૩૧
[1]Kareena J. Desai, [2]Atharva S.Diwakar, [3]Ritesh Gujarathi
|| વિદ્યાવૃત્ત || ..........................૬, ૮, ૨૫, ૩૪




ISSN 0976-9609

## ।। પ્રાથમ્ય ।।

### પ્રાયશ્ચિત

**સંકલન : એસ.જી.પટેલ (લેખક : પાર્થિવ નાણાવટી)**

મેં શાંતિલાલને આજે અચાનક મારા બારણે બે મોટા થેલા સાથે ઉભેલા જોઈને કહ્યું અરે શાંતિલાલ આવો, તમે ચૂંટણી નજીક છે અને આજે પક્ષના કાર્યાલયે નથી ગયા ?

ટેબલ ઉપર ખાખરાના પેકેટ મુકતા શાંતિલાલ બોલ્યા. સુધાએ કહ્યું સમીરભાઈના ઘર તરફ જાવ છો તો તેમના ઘરે ખાખરાના પેકેટ આપીને આગળ જજો.

આમ તો શાંતિલાલના પરિવારને હું ઘણા વર્ષોથી ઓળખું છું. શાંતિલાલની ઓળખ આપું તો એક બિનજવાબદાર વ્યક્તિ, રાજકીયપક્ષોની દલાલી, ભાટાઈ અને ચમચાગીરી કરતા કરતા પરિવાર પ્રત્યેની પોતાની જવાબદારી કે ફરજ ભૂલી ગયેલ નિષ્ઠુર બાપ કે પતિ.

તેમનો પુત્ર દેવાંગ ભણવામાં ખૂબ જ હોશિયાર, તેને પપ્પાની આ મગજ વગરની પ્રવૃત્તિ તરફ ખૂબ જ નફરત હતી. એ કહેતો પપ્પા લેવાનું ગાજર અને રહેવાનું હાજર. ઘરની અંદર મદદના નામે તેમનું યોગદાન ઝીરો.

ટિકિટ મળશે મળશે કરતા શાંતિલાલને પક્ષે ઘરડા કરી નાખ્યા પણ ટિકિટ તો અંતે ન જ મળી. પાટલી બદલુઓ અને પરિવારવાદ ટિકિટ વહેંચણી સમયે બાજી મારી લેતા હતા અને શાંતિલાલ જેવા અનેક મૂંગેરીલાલો હાથ ઘસતા રહી જતા.

શાંતિલાલના પત્ની સુધા અને તેમની દીકરી માધવી ગૃહઉદ્યોગ ચલાવતા અને નાસ્તા બનાવી આખા ઘરની નૈતિક રીતે આર્થિક જવાબદારી ઉઠાવી લીધી હતી. દેવાંગ અને માધવીને આવા સંજોગોની વચ્ચે પણ સુધાબેને લોહીનું પાણી કરી ભણાવ્યા.

મારે અને કાવ્યાને મહિનામાં બે વખતે તેમના ઘરે જવાનું થતું. અમે ઘર માટેનો તૈયાર નાસ્તો તેમની પાસેથી લેતા. શાંતિલાલ સિવાય ઘરમાં બધા સ્વમાની હતા. તેઓ કોઈ આર્થિક સહાય લેતા ન હતા. મહેનત કરી વળતર મેળવતા હતા, એટલે જ અમે નક્કી કર્યું આપણે નાસ્તો સુધાબેનને ત્યાંથી જ લેવો.

ઘણી વખત સુધાબેન દિલ ખોલી શાંતિલાલની ફરિયાદ ભીની આંખે અમને કરી લેતા. દીકરી પણ ભણેલ હતી એ પણ મમ્મીના કામમાં મદદ કરાવતી. એના લગ્ન બાકી હતા, દીકરીની ભાવના પણ સારી હતી તે કહેતી મારો ભાઈ દેવાંગ એક વખત નોકરીએ ચઢી જાય ઘરનો આર્થિક વહીવટ પાટે ચઢે પછી હું લગ્ન કરીશ. ત્યાં સુધી હું મમ્મીને કામમાં મદદ કરીશ.

તેમના ઘરની અંદર દરેક વ્યક્તિ સમજદાર હતી. બસ એક માત્ર શાંતિલાલ જ મગજ વગરનું પ્રાણી હતું. મને તેમની તરફ અંદરથી નફરત હતી.

દેવાંગ સાથેની ઔપચારિક વાતોમાં જાણવા મળ્યું હતું તે UPSC, GPSC જેવી પરીક્ષાની રાત્રે જાગી મહેનત કરતો હતો અને દિવસે નાની મોટી છૂટક નોકરી કરી ઘરમાં આર્થિક મદદ પણ કરતો હતો. ભણવામાં હોશિયાર અને દેખાવમાં સ્માર્ટ હતો તેથી અંદરથી મને પણ વિશ્વાસ હતો દેવાંગ એક દિવસ પોતાની કારકિર્દી ચોક્કસ બનાવશે, કારણ કે તેને રાજકીય નેતાઓ વતી લડવા કે ગાલી ગલોચ કરવાને બદલે પોતાની ગરીબી સાથે કેમ લડવું તેમાં વધારે રસ હતો. પોતાની મા અને બહેનને આ યાતના ભરી જિંદગીમાંથી બહાર કેમ કાઢવા તે તેના જીવનનો માત્ર એક ધ્યેય હતો.

જેનો બાપ સમજદાર ન હોય તેના પુત્રએ સમજદાર થવું જોઈએ નહિતર ભીખ માંગવાના દિવસો આવે. દેવાંગ આ બાબતે ગંભીર હતો તેથી મને તેના ઉપર આદરભાવ હતો. મારા માટે શાંતિલાલનો આ અચાનક્નો બદલાવ આશ્ચર્યજનક હતો.

કાવ્યાએ પાણી આપ્યું અને પૂછ્યું ચા કે કોફી ? બેન ખૂબ થાકી ગયો છું. ચા ચાલશે. ચિંતાવાળા ચહેરે શાંતિલાલ બોલ્યા.

મારાથી પૂછાઇ ગયું. શાંતિલાલ આ અચાનક બદલાવનું કારણ ?

શાંતિલાલ બોલ્યા, સમીરભાઈ, મારા પુત્રએ મારી આંખ ખોલી.

એટલે...

સાંભળો, અમે પક્ષના કાર્યાલયમાં પીઝા મંગાવ્યા.

થોડીવારે Zomatoમાંથી ડિલિવરી બોય મોટું પાર્સલ લઈ આવ્યો. મેં જ્યારે ડિલિવરી બોય સામે જોયું તો ગરમીમાં તેની હાલત જોઇ ત્યારે મને ધરતી જગ્યા આપે તો સમાઇ જવાની ઈચ્છા થઈ એ ડિલિવરી બોય બીજું કોઈ નહિ મારો પુત્ર દેવાંગ હતો. શાંતિલાલની આંખોમાંથી પ્રાયશ્ચિત્તના આંસુ વહી રહ્યા હતા. તે મને ઓળખતો ન હોય તેમ ટેબલ ઉપર પાર્સલ મૂકી કાર્યાલયની બહાર જવા ઝડપથી દાદરો ઉતરી પાર્કિંગમાં ગયો.

મેં દોડી તેનો હાથ પકડી કહ્યું અરે બેટા તું આ શું કરી રહ્યો છે ?

ભીની આંખે દેવાંગ બોલ્યો, પપ્પા તમે આ સવાલ કરવાનો અધિકાર ક્યારનો ગુમાવી ચુક્યા છો. જેનો બાપ ૩૬૫ દિવસ રાજકીય પક્ષ અને નેતાઓની ચમચાગીરી કરી કાર્યાલયમાં પડ્યો રહેતો હોય તેના બાળકો અને પરિવારની જરૂરિયાતને નજર અંદાજ કરતો હોય તેના પરિવારની આવી જ હાલત હોય.

પપ્પા જરા શાંતિથી બેસી વિચારો તમને પક્ષે શું આપ્યું ?

નેતાઓ પોતાના પરિવાર અને બાળકોને સેટ કરવામાં પડ્યા છે અને તમે તમારા બાળકો અને પરિવારની કબર ખોદી રહ્યા છો. થોડું તો ગંભીરતાથી તમારા પરિવારનું વિચારવું હતું.

તમે નસીબદાર છો, ઘરમાં દીકરી અને દીકરો જુવાન છે આર્થિક તકલીફોને કારણે કોઈ અવળે રસ્તે ચઢી ગયા હોત તો ?

આભાર તો મારી મા નો માનું છું આવી તકલીફો વચ્ચે પણ અમને સ્વમાન, ઇમાન અને ઈજ્જતથી કેમ જીવાય એ શીખવાડ્યું અને તમે બધું તમારા પક્ષના કાર્યાલયમાં ગીરવે મૂકી દીધું. પપ્પા, મને અને બહેનને ભણાવવા પાછળ મમ્મીએ પોતાના સોનાના ઘરેણાં પણ વેચી નાખ્યા. ગૃહઉદ્યોગ કરી ઘર પણ ચલાવ્યું હવે પપ્પા મને મમ્મી પાસે હાથખર્ચીના રૂપિયા માંગતા પણ શરમ થાય છે. હું મારી મંજીલ સુધી પહોંચીને રહીશ ભલે રસ્તો કઠિન કેમ ન હોય. તમે ભલે તમારું ભવિષ્ય નાસ્તાના પડીકે બાંધી તમારું અને તમારા પરિવારનું જીવન બરબાદ કર્યું પણ હું મારા જીવનને બરબાદ નહિ થવા દઉં.

મારી મા ને આ નર્કની યાતનાભરી જિંદગીમાંથી જેટલી બને તેટલી વહેલી બહાર કાઢવા પ્રયત્ન કરી રહ્યો છું. મારી મા એ મને ભણાવવાનો ખર્ચ કાઢવા દિવસના ચૌદ કલાક કાળી મજૂરી કરતી હતી આંખે કાળા કુંડાળા વગર ઉંમરે વૃદ્ધત્વ આવી ગયું.

પપ્પા નેતાઓના વખાણ અને ચાપ્લુસી કરતા તમે થાકતા નથી, અને બે પ્રેમના શબ્દો તમારી પત્નીને કે બાળકોને કહેતા પણ તમે શરમ અને સંકોચ અનુભવો છો?

ઉધઈ લાકડું ખાઇ જાય તેમ ઘર ચલાવવાની ચિંતા મારી મા ના શરીરને ખાઈ ગઈ છે. વડાપ્રધાન કેટલા કલાક કામ કરે છે એ ચાપ્લુસી કરવા કરતાં તમારી પત્ની અને મારી મા ઘરના બે છેડા ભેગા કરવા કેટલા કલાક કામ કરે છે એ જુઓ તો વધારે યોગ્ય લાગશે. તેના શરીર સામે જોઈ મારી આંખો ભરાઈ આવે છે અને તમને કંઈ થતું નથી ? તમે કેવા નિષ્ઠુર પતિ અને પિતા છો એ મને સમજાતું નથી.

તમારે તો પક્ષ અને નેતા કોઈ પણ રીતે ચૂંટણી જીતે તેમાં રસ છે ભલે પછી મારી મા જીંદગી સામે લડાઈ લડતા લડતા અંતિમ શ્વાસ કેમ ન લે..

અંતમાં તે બોલ્યો, પપ્પા તમે તમારી ખોટી પ્રવૃત્તિઓ બંધ કરો અથવા અમને ઈશ્વરના ભરોસે છોડી દયો. આટલું બોલી દેવાંગ મારો હાથ છોડાવી બાઇક ચાલુ કરી ભીની આંખે કાર્યાલયના મુખ્ય ગેટની બહાર નીકળી ગયો.

શાંતિલાલની આંખ માંથી ''પ્રાયશ્ચિત''ના આંસુ વહી રહ્યા હતા.


ISSN 0976-9609

મેં એ દિવસે કાર્યાલયમાં ન નાસ્તો કર્યો કે ન ચા પીધી. હું સીધો ઘરે ગયો. ધારી ધારીને મારી પત્ની સુધાને અને મારી દીકરીને જોતો રહ્યો. આ બાપડીને પણ મોંઘવારી નડતી હશે. દેવાંગની વાત તો સાચી હતી. સુધા કોઈ ગંભીર બીમારીનો શિકાર ન બને, એ વિચારથી હું અંદરથી હચમચી ગયો.

જ્યારે આવકના મર્યાદિત સ્રોત્ર હોય અને મોંઘવારી વધતી જતી હોય ત્યારે આવા સંજોગોમાં મધ્યમવર્ગ પાસે એક જ વિકલ્પ હોય છે. કામના કલાકો વધારી વધારાની આવક ઉભી કરવી. બે છેડા મેળવવા. સુધા રોજ ૧૨ કલાક અત્યારે કામ કરી રહી છે.

બાર કલાક ઘરના કામ સાથે નાસ્તા બનાવતી સુધાના હાથ પગ પણ દુઃખી જતા હશે. મને પસ્તાવો થયો. એ દિવસે રાત્રે હું મારા પરિવાર સાથે બેસી ખૂબ રડ્યો. દેવાંગના ખભે માથું મૂકીને પણ ખૂબ રડ્યો અને દેવાંગને માથે હાથ મૂકી વચન આપ્યું કાલથી કાર્યાલય જવાનું હું બંધ કરું છું. એ કાલ્પનિક મૃગજળ જેવી દુનિયાથી હવે હું છેડો ફાડું છું. સાચી વાસ્તવિકતા તો આપણો પરિવાર છે.

બીજે દિવસથી હું સુધાના દરેક કાર્યમાં મદદ કરાવવા લાગ્યો, નાસ્તાનો ઓર્ડર આપનાર દરેક વ્યક્તિઓના ઘરે ઘરે  ડિલિવરી આપવા લાગ્યો. દુકાનો, મોલમાંથી પણ નવા નવા ઓર્ડર લાવવા લાગ્યો. સુધાની મદદ માટે એક છોકરી પણ રાખી લીધી. ધીરે ધીરે ઘરમાં આનંદનું વાતાવરણ થવા લાગ્યું. સમીરભાઈ  રાજકીય નેતાઓની ચમચાગીરી કરતા આ મહેનતની સ્વમાનથી કમાયેલ આવક મીઠી લાગે છે. આ હકીકત હું ઘણી મોડી સમજ્યો.

મારી ઉંમર તો ૫૫ વર્ષ થઈ,  ટિકિટ મળશે મળશે કરી ગાજર બતાવી અમને ગધેડાની જેમ દોડાવ્યા અમને જાણે ટેબલ ખુરશી સાફ કરવા રાખ્યા હોય તેવી લાગણી થવા લાગી.

મને ઘણા સમય પછી શાંતિલાલ તરફ માન થયું. મેં તેમને અભિનંદન આપ્યા. ખરેખર હવે તમે સ્વમાનના ઓટલા અને રોટલા તરફ વળ્યા, કોઈના ફેંકેલા ટુકડા ઉપર જીવન પસાર ન થાય.

સાચી વાત છે સમીરભાઈ. આ લોકો તો ગોબાવાળા લોટા જેવા થઈ ગયા છે. સિદ્ધાંત અને વિચારધારા વગરની રાજનીતિ થઈ ગઈ છે. કોણ ક્યારે કઈ બાજુ દડે એ ખબર નથી. થૂંકેલુ ચાટવાનું કાર્યકરોને ભાગે આવે.

શાંતિલાલની આ ખુશી લાંબો સમય ટકી નહિ. સુધાબેનના શરીર ઉપર આડકતરી રીતે થયેલા આર્થિક, માનસિક, શારીરિક એવા અસંખ્ય પ્રહાર તે ખમી ન શક્યા. અચાનક તેમને હાર્ટએટેક આવ્યો. દવાખાનામાં તેમને દાખલ કર્યા. દવાખાને કોઈ રાજકીય નેતાઓ કે કાર્યકરો આર્થિક મદદ કરવા ઉભા ન હતા. ૪૮ કલાક ની અંદર જીંદગીથી હારેલ અને થાકેલ સુધાબેને પોતાનું જીવન સંકેલી લીધું.

દેવાંગ ચોધાર આંસુએ રડી બોલતો હતો અંકલ મે UPSC પાસ કરી લીધી, એ રિઝલ્ટ સાંભળવા પણ તે ઉભી ન રહી. તેના આંસુથી મારો ખભો ભીનો થઈ રહ્યો હતો.

મારી તાકાત મારી મા હતી. મને માર્ગ ચીંધનારી મારી મા હતી.

મારો હાથ પકડી મને મંજીલ સુધી લઈ જનાર આચનક તું ક્યાં જતી રહી?

મેં શાંતિલાલ તરફ જોયું.

શાંતિલાલ પણ સુધાના ફોટા સામે જોઈ રડતા રડતા બોલ્યા. સુધા મેં અયોગ્ય જગ્યાએ મારા જીવનનો અમૂલ્ય સમય બગાડ્યો મને જ્ઞાન થયું ત્યારે ઘણું મોડું થઈ ગયું હતું. માફ કર મને સુધા..

मित्रो..अब पछताए होत क्या जब चिडियाँ चुग गइ खेत રાજકિય પક્ષોની ગુલામી કરતા પહેલા તમારા પરિવાર તરફ ધ્યાન ખાસ આપજો. એ લોકો સ્વાર્થી કાચીંડા જેવા હોય છે.

---

માનદ્ મંત્રી
ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર
ફોન (૦૨૬૯૨) ૨૩૮૪૦૦
E-mail : sgpatel1948@gmail.com

## ।। વૈભવ-વારસો : પદ્ય વિભાગ ।।

### વાગે ભડાકા ભારી ભજનના

હરજી ભાટી

વાગે ભડાકા ભારી ભજનના
વાગે ભડાકા ભારી રે... હો... જી...
બાર બીજના ધણીને સમરું, બાર બીજના રે હાં...
એ... ધણીને સમરું, નકલંક નેજાધારી... ભજનના વાગે
ધ્રુવ રાજાને અવિચળ થાપ્યો, પ્રેહલાદ ઉગાર્યો પડકારી રે હો..જી...
સંધ્યા ટાણે દૈત સંહાર્યો, સંધ્યા ટાણે રે હાં...
એ... દૈત સંહાર્યો, હરિએ નોર વધારી...ભજનના વાગે
તારાદેનું સત રાખવા માળી ન્યાતા મોરારી રે... હો... જી...
માલે રૂપાંનાં હેરણાં હૈર્યા, માલે રૂપાનાં હાં....
એ... હેરણા હેર્યા, આરાધે મોજડી ઉતારી... ભજનના વાગે.
તોળી રાણીએ ત્રણ નર તાર્યા, જેસલ ઘરની નારી રે.... હો... જી...
સુધન્વાના નામ પરતાપે, સુધન્વાના રે હાં...
એ... નામ પરતાપે, ઊકળતી કડા કારી...
પલે પલે પીર રામદેને સમરો, ઈ છે અલખ અવતારી રે... હો... જી...
હરિ ચરણે ભાટી હરજી બોલ્યા... હરિ ચરણે રે હાં...
એ... ભાટી હરજી બોલ્યા, ધણી ધાર્યો નેજા ધારી... ભજનના વાગે.

ભજન ભડાકો છે. જેણે ભક્તિ સાથે ભજન સાધના કરી તેના જીવનમાં ભડાકા થયા છે. આ ભજન બાર બીજના ધણી અલખ ધણીને, નકળંગ નેજાધારીને સમરવાના છે. આ પ્રકારની ભક્તિ અનેક ભક્તોને કરી છે. ધ્રુવ રાજાએ અવિચળ પદવી મેળવી, પ્રહલાદની ભક્તિએ સંધ્યા ટાણે દૈત્યને સંહાર્યો. તારાદેનું સત રાખવા માટે મોરારી માળી થયા હતા. આરાધે રૂપાંદેની મોજડી ઉતારી હતી. તોરી રાણીનું સત રાખી જેસલ, સાંસતિયો ને સધીર ત્રણ પુરુષને તાર્યા. સુધન્વાના ભક્તિએ ઉકળતી કડા ઠારી એ આ ભજનનો પ્રતાપ છે. ભજનનો ભડાકો છે. માટે હરજી ભાટી કહે છે કે એ અલખ અવતારી રામદેવપીર છે તેનું તમે પલે પલે સ્મરણ કરી લ્યો.

## ।। વિદ્યાવૃત્ત ।।

**આઈસ્ટાર કૉલેજમાં સાંસ્કૃતિક કાર્યક્રમના ભાગરૂપે ટેલેન્ટ ઈવનિંગ યોજાઈ :** ચારુતર વિદ્યામંડળ સંચાલિત અને સીવીએમયુની સંસ્થા આઈસ્ટાર કૉલેજ દ્વારા તાજેતરમાં વાર્ષિક મહોત્સવ નિમિત્તે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમ્યાન વિદ્યાર્થીઓ દ્વારા ક્લાસિકલ ડાન્સ, સોલો સિંગિંગ, શાયરી, બૉલીવુડ ફ્યુઝન ડાન્સ, ગિટાર પ્લેયિંગ, ડ્યુએટ સોન્ગ, લોકગીત, ભજન, સ્કીટ, તબલા વાદન, રાજસ્થાની ડાન્સ, લેઝી ડાન્સ વિગેરે પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. મંદાર કર્વે તથા તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. સાંસ્કૃતિક કાર્યક્રમના સફળ આયોજન બદલ આઈસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ. એમ. એમ. રાજ તથા કૉલેજ સંયોજક ડૉ. જીગર પટેલ દ્વારા આઈસ્ટાર સંસ્થાના કલ્ચરલ પ્રોગ્રામ સેલના અધ્યાપકો તથા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.


ISSN 0976-9609

## ।। નવાં કાવ્યો ।।

## સુનેરી સાંજ ઢળી

**પુષ્કરરાય જોષી**

સુનેરી સાંજ ઢળી,
ક્યાંથી ઉમટ્યા યાદોનાં ઘન
ચિત્ત ઝબૂકે વીજળી.....
કાયામાં કસ્તૂરી મહેંકે,
નાચે માદક મન;
શમણાંને શી પાંખો આવી
ટૂંકું પડે ગગન,
કેવી રંગત રમણા જામી,
મનની મંછા ફળી.....
અંધારાનો આસવ પીને
ગહેક્યા મનનાં મોર;
કોકિલ ટહુકે સૂરજ ઊગ્યો,
નાઠો ચિત્તનો ચોર,
આંખો ચોળી ખુદને ખોળું
તમસમાંથી નીકળી......

૪૭૯, ગુજરાત હાઉસીંગ બોર્ડ, કણકોટ પાટિયા,
કાલાવડ રોડ, રાજકોટ-૩૬૦૦૦૫ (મો) ૯૯૨૫૧૬૫૧૬૪

## પર્ણોને પુષ્પોનું ગીત છું.

**ભૂપેન્દ્ર વ્યાસ, 'રંજ'**

ગીત છું, ગીત છું;
કંટકનું મૌન અને પર્ણો ને પુષ્પોનું ગીત છું.
પિત્તપિત્ત પીળંતુ, શુષ્ક શુષ્ક સૂકંતુ
હોરંતું શોરંતુ, ખરખરતું ખળભળાટ
પતઝરિયા પર્ણોનું ગીત છું.
લીલ લીલ લીલંતુ, ભછીજંતુ ભીંજ ભીજંતુ
ડોલંતુ લોલંતુ, ફરફરતું ફરફરાટ
લીલુંરા પર્ણોનું વિત્ત છું.
રંગરંગ રંગતું, મ્હેક મ્હેક મ્હેકતું
નાચંતુ કૂદંતુ, ખિલખિલતું ખિલખિલાટ
વાસંતી પુષ્પોનું ચિત્ત છું.

૨૦૧, બાલમુકુંદ કોમ્પલેક્ષ, રામેશ્વર પાર્ક,
શેરી નં. ૩, રાજકોટ-૩૬૦૦૦૭ (મો) ૬૩૫૨૨૪૩૬૧૯

## વડલો (ગીત)

**બાબુ નાયક**

ચારકોર મેઘ બાર ખાંગા થયા ને આવ્યો
વડલાને પાનખરિયો તાવ,
એક્કેય કૂંપળ નથી ફૂટી કે કેમ કરી
લીલ્લેરો આવે બદલાવ ? ચારકોર મેઘ બાર...
રોજિંદા ડાળ ડાળ કોચવતા કાગડા ને
એય મૂવા ઘસતા જાય ચાંચ,
એવા તો લ્હાય લ્હાય ઉઝરડા,
કેમ કહે કાળજાની પોથીને વાંચ !
પડખેના પ્હાડ ઉર ઓગળતા જાય પણ
એના તો આયખે અભાવ...ચારકોર મેઘ બાર...
ક્યાં ગઈ એ કાયમની કલરવતી કુંજ,
ગુંજ મઘમઘતી ઊડી કઈ પે'ર ?
ઈન્દ્રધનુને પણ અકળાવે એવી એ
પાઘડીઓ બાંધી ગઈ વેર ?
ઝલમલતા ઝુંડ સંગ ઝૂલે પતંગિયાને
કહેવું કાં નાખને પડાવ ? ચારકોર મેઘ બાર...

એ-૨૦૧, પાર્શ્વનાથ રોયલ રેસીડેન્સી
મુ.અડાલજ, તા.જી.ગાંધીનગર (મો) ૯૩૨૭૦૮૪૭૪૩

## ગઝલ

**હસમુખ શાહ 'બેઝાર સાસ્તાપુરી'**

ચાલ આખા ગામની ઝંઝટ વળોટી;
પોમલા પાડોશની ઘરઘર વળોટી.
એકલો તો એકલો ચલ થા રવાના;
ભર ઉચાળા માર્ગ આ ઝટપટ વળોટી.
તું નજરને રાખજે સામી ક્ષિતિજે;
આપદાને યાતના દુર્ઘટ વળોટી.
ચોતરફ અવરોધ આડા આવવાના;
દૂર ને નજદીકની ખટપટ વળોટી.
થાક વૃમો હોડમાં મૂક્યા પછી;
ભર ઉચાળા આકરાં સંકટ વળોટી
ધૂળ નાખી આંખમાં છટકી જનારને;
જાણભેદ જેમ ન રમઝટ વળોટી
ઝાંઝવાં તો હાથતાળી દૈ જવાનાં;
રણવચાળે શ્રાવણી વાછટ વળોટી.
પોપડા અંધારના બાજી જવાના;
રાતની ખણખોજની ખટપટ વળોટી.

ઉપનિષદ, વૃંદાવન સોસાયટી,
સ્ટેશન રોડ, કઠલાલ-૩૮૭૬૩૦

## ।। વૈભવ-વારસો : ગદ્ય વિભાગ ।।

### થોડાક દોરાનો ફેર

**બબલભાઈ મહેતા**

એક કાળ એવો આવી ગયો કે ભારતના નવજુવાનોએ રાષ્ટ્રની આઝાદી ખાતર પોતાના જીવનનાં બલિદાન આપવાની તૈયારી દાખવી. ભારતની માતાઓએ પોતાના વહાલા પુત્રોને દેશહિત ખાતર જેલમાં જવા હોંશેહોંશે વિદાય આપી. ભારતની સામાન્ય જનતાએ દેશપ્રેમથી પ્રેરાઈને કાંઈક ને કાંઈક ત્યાગની રેલ ચલાવી. ત્યાગ છૂટતો જાય છે અને વૈભવ વધતો જાય છે. સંયમ છૂટતો જાય છે અને વિલાસ વધતો જાય છે. અનીતિ વધતી જાય છે. અને નીતિમત્તા ઘટતી જાય છે.

એ જ ભારતમાં આજે એકેએક ક્ષેત્રમાં નાનામાં નાની સેવાનો બદલો મંગાવવા લાગ્યો છે. મોટા મોટા પગારો ઓછા પડે છે, મોટામાં મોટા નફાઓ ઓછા પડે છે અને નફાખોરી તથા લાંચરુશ્વત આજે જીવનના દરેક ક્ષેત્રમાં વ્યાપી ગયેલ સડો બની ગઈ છે. ત્યાગ છૂટતો જાય છે અને વૈભવ વધતો જાય છે સંયમ છૂટતો જાય છે અને વિલાસ વધતો જાય છે. અનીતિ વધતી જાય છે. અને નીતિમત્તા ઘટતી જાય છે.

આનું કારણ શું છે ? અને એનો ઉપાયો શો છે ?

શિયાળાની કડકડતી ટાઢમાં પણ ઈંગ્લેન્ડ જેવા ઠંડા મુલકમાં ભારતનો પ્રતિનિધિ નગ્ન ફકીરરૂપે ગયો હતો. એ નગ્ન ફકીરીમાં એને રાષ્ટ્રનું સાચું પ્રતિનિધિત્વ રજૂ થતું દેખાતું હતું. જાતે સ્વીકારેલી એ ગરીબાઈમાં એને રાષ્ટ્રનાં માન-આબરૂ દેખાતાં હતાં.

આજે તો ભારતના પ્રતિનિધિને તોપો ફોડાય કે રાજવૈભવ દેખાડાય ત્યારે જ રાષ્ટ્રનાં માન-આબરૂ વધતાં દેખાય છે. આ બંને અલગ અલગ દિશાઓ છે.

રેલગાડીના પાટા અલગ દિશામાં જવાની શરૂઆત જ્યાં કરે છે, ત્યાં બે પાટા વચ્ચે થોડાક દોરાનો જ ફરક હોય છે, પણ એની પરની રેલગાડી જેમ જેમ આગળ વધતી જાય છે તેમ એ અંતર વધતું જ જાય છે. છેવટે એ મૂળના કરતાં સદંતર વિરોધી દિશામાં પણ જતી દેખાય છે. એમ આપણા પ્રતિનિધિ ઓએ બદલેલી એમની જરાક સરખી ચાલ ના પડઘા પ્રજાજીવનના એકેએકે ક્ષેત્રમાં પડવા લાગ્યા છે.

- અરધી સદીની વાચનયાત્રામાંથી સાભાર

## ।। વિદ્યાવૃત્ત ।।

**આઈસ્ટારના ઈન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટ દ્વારા મિલાપ-૨૦૨૬નું આયોજન :** આઈસ્ટાર કૉલેજ, ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટી (CVMU) ના ઇન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી વિભાગ દ્વારા તાજેતરમાં મિલાપ-૨૦૨૬ અંતર્ગત એલ્યુમની વિદ્યાર્થીઓ તેમજ વર્તમાન વિદ્યાર્થીઓના અગ્રણીમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત ડૉ. જીગર પટેલના સ્વાગત પ્રવચનથી થઈ હતી, જેમણે ઇન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી વિભાગની સિદ્ધિઓ અને ભવિષ્યની યોજનાઓ વિશે વાત કરી હતી. માસ્ટર્સ પ્રોગ્રામના વિદ્યાર્થીઓએ વિવિધ પ્રસ્તુતિઓ અને પ્રદર્શનો પ્રસ્તુત કર્યા હતા. અગ્રણી વિદ્યાર્થીઓએ ડિપાર્ટમેન્ટ વિશે તેમજ તેઓની કારકિર્દીની સફળતાઓ, ઔદ્યોગિક અનુભવો તથા નવ પ્રવેશિત વિદ્યાર્થીઓને સલાહના ભાગરૂપે અનુભવો શેર કર્યા હતા. વર્તમાન વિદ્યાર્થીઓએ પણ તેઓના અભ્યાસ અને પડકારો વિશે પ્રતિસાદ આપ્યો હતો. કાર્યક્રમનું સમાપન પ્રીતિભોજન તેમજ સામૂહિક ફોટોસેશન સાથે થયું હતું. આ કાર્યક્રમની સફળતા બદલ સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ. એમ. એમ. રાજ અને કોલજ કો-ઓર્ડિનેટર ડૉ. જીગર પટેલ દ્વારા ડૉ. રોહિત એચ. દવે તથા વિભાગીય અધ્યાપકોને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

 ISSN 0976-9609

## ।। લઘુકથા-૧ ।।

### ઉજળા પડછાયા

**ચંદુભાઈ પ્રજાપતિ**

સદાય શાંત રહેતું રમેશભાઈનું ઘર આજે જાગી ગયું. સામેના ઘરમાં રહેતા મોટો દીકરો અને વહુ આવી પહોંચ્યા. મોટી વહુએ કહ્યું, ''મમ્મી-પપ્પા બરાબર જમ્યા કે નહીં?''

''ના, અમે તો એમને ભૂખે રાખીશું. નહીં? જેવા આવ્યા છો એવા પાછા જાઓ. નહીં તો...''

''નહીં તો તું શું કરીશ બોલ?'' મોટો અકળાયો.

વાત એવી વણસી કે અવાજ તીવ્ર ગતિથી ફળિયાના છેડા સુધી પ્રસરી ગયો. આ પડઘા પાડોશમાં રહેતા પરેશભાઈ અને રમાબહેનનાં કાન સરવા કરી ગયા. તમાશાને તેડા ન દેવા પડે એ યુક્તિ સાર્થક કરતા તેઓ રમેશભાઈના ઘરે આવી ગયા. ઘર ભરાઈ ગયું. કોણ કોને શું કહે છે એ જ ન હતું સમજાતું. ઝગડાની જડ સુધી પહોંચવા પરેશભાઈએ રમેશભાઈને પૂછ્યું, ''રમેશ, આ ઝગડો છે શાનો?''

''ભાઈ! શું કહું, આ બંને દીકરા-વહુ...''

''સમજી ગયો.'' થોડાક નજીક આવતા કાનમાં કહ્યું, ''બધું આપીને નવરો થઈ ગયો છે, પણ હવે દર મહિને આવતું પેન્શન સાચવજે. નહીં તો રડતાયે નહીં આવડે હો!''

રમેશભાઈની આંખોમાંથી આંસુ નીકળી ગયા. ''અરે! રડે શું કામ છે. મેં કહ્યું એમ કરજે.''

''ભાઈ! આ આંસુ દુઃખના નહીં, પણ ખુશીના છે. આ ઉજળા પડછાયાવાળા દીકરા-વહુઓમાં અમારી સેવા કરવાની હોડ જામી છે.''

પરેશભાઈના પગનો અંગૂઠો જમીન ખોતરી રહ્યો.

સંજેલી, દાહોદ.

## ।। લઘુકથા-૨ ।।

### આંકડાશાસ્ત્ર

**મનસુખ સલ્લા**

પ્રમોદભાઈએ કાર્યક્રમની તૈયારીની દરેક બાબત ફરી તપાસી લીધી - મંડપ, સ્ટેજ, ખુરશીઓ, શાલ-હારતોરા, સંગીત, ડૉક્ટરો, દર્દીઓ બધું સરસ હતું. નિદાન કેમ્પના ઉદ્‌ઘાટન માટે પ્રધાનશ્રી પધારવાના હતા. ધારાસભ્ય દ્વારા પાકું કરાવ્યું હતું. હજી ત્રીસ મિનિટ બાકી હતી. ધારાસભ્યને ફોન કરી ફરી પાકું કરાવ્યું. ઢોલવાળાને ઢોલ વગાડવાનું કહી દીધું.

ત્યાં ધારાસભ્યનો ફોન રણક્યો. ખુશીભેર પ્રમોદભાઈ બોલ્યા, 'કેટલીવાર લાગશે ?' ધારાસભ્ય બોલ્યા, 'જરૂરી મિટિંગ હોવાથી સાહેબ નહીં આવી શકે. મારે પણ પાટનગર જવું પડે તેમ છે એટલે નહિ આવી શકું. ફોન કટ થયો. પ્રમોદભાઈને લાગ્યું કે ગળું કપાઈ ગયું. ચકળવકળ જોતા રહ્યા. ટી.ડી.ઓ. નીકળતાં બોલ્યા, 'સાહેબે જાણ્યું કે સંખ્યા ત્રણસો જેટલી છે એટલે માંડી વાળ્યું. હજાર-બે હજાર હોય તો ધક્કો લેખે લાગે ને ?'

પ્રમોદભાઈ ચક્કર આવતા હોય તેમ મુખ્ય ખુરશી પર બેસી પડ્યા. ફોટોગ્રાફર તેમના તરફ વળ્યો. તેણે કેમેરા ગોઠવ્યો. પ્રમોદભાઈનું મોં જોઈને નક્કી ન કરી શક્યો કે ચાંપ દબાવવી કે નહિ.

સી-૪૦૩, સુરેલ એપાર્ટમેન્ટ,
દેવાશિષ પાર્ક સામે, જજીસ બંગલો વિસ્તાર,
અમદાવાદ-૩૮૦૦૧૫, (મો) ૯૮૨૪૦૪૨૪૫૩,
Email:mansukhsalla@gmail.com

|| વાર્તા-સમીક્ષા ||

## ચંચળ મન અને સંબંધોના બદલાતા રંગોની વાર્તા : 'રંગ રંગ વાદળિયાં'

**જિજ્ઞેશકુમાર એમ. ઠક્કર**

સરોજ પાઠક આધુનિક વાર્તાકાર છે. એમની વાર્તામાં માનવ મનના ગૂઢ રહસ્યો; એમાંય ખાસ કરીને નારી મનની સંવેદનો, સમસ્યાઓ અને મનોવાસ્તવને અસરકારક રીતે નિરૂપે છે. એમની વાર્તાઓ આધુનિક અને સાંપ્રત સમયની હોવાને કારણે એમાં પ્રયોગશીલતા, નિરૂપણ રીતિનું નાવીન્ય, ભાષાનો સબળ વિનિયોગ અને વિષયનું નાવીન્ય પ્રથમ નજરે દષ્ટિગોચર થાય છે. એમની મોટાભાગની વાર્તાઓ તાર્કિક, ગંભીર અને નારીના આંતર વિશ્વને નિરૂપે છે, પરંતુ કેટલીક વાર્તાઓ હળવી શૈલીમાં નાટ્યાત્મક રીતે રજૂ થઈ છે. આવી જ એમની એક વાર્તા છે 'રંગ રંગ વાદળિયાં'.

'રંગ રંગ વાદળિયાં' વાર્તામાં સરોજ પાઠકે માનવના ચંચળ-તરલ મન અને એના બદલાતાં સંબંધોના રંગોને આકર્ષક રીતે નિરૂપ્યાં છે. વાર્તાની વસ્તુ સાવ સહજ જ છે. વાર્તાનાયક-નાયિકા (અંકુર-ઇપ્સા) મુગ્ધાવસ્થામાં એકબીજાનાં પ્રેમમાં પડે છે. પ્રેમમાં બંને પાગલ બનીને, તારા વગર નહીં જીવી શકાય, તું નહિ મળે તો હું મરી જઈશ એવા પ્રલાપો સુધી પહોંચી જાય છે. પરંતુ વાર્તા નાયિકા ઇપ્સાને છ મહિનાના પ્રેમ પછી દરિયામાં ભરતી પછી ઓટ આવે તેમ અંકુરના પ્રેમમાં કંઈક ખૂટે છે. ઊણપ આવે છે. એણે પ્રેમમાં ઉતાવળ કરી દીધી હોય એવું લાગે છે. પુરુષોનો પ્રેમને સમજવા, સહેવા માટે હજી તેનું મન તૈયાર નથી એટલે અંકુર સાથેના સંબંધોમાં એને ગૂંગળામણ થાય છે. કેટલાય સમયથી પ્રાણ વગરનું પ્રેમ નાટક ખેલ્યા કરતી ઇપ્સા એને સમાપ્ત કરવાનું નક્કી કરે છે. ઇપ્સાના મનની પ્રેમમાંથી મન ઉઠ્યાની વાત જાણીને અંકુરને ખૂબ આઘાત લાગે છે. છતાં બંને એકબીજાને 'આત્મહત્યા' નહીં કરવાનું વચન આપીને છૂટા પડે છે. અંકુર ઇપ્સાને કહે છે, 'તારા પ્રેમપત્રોને સહારે શેષજીવન પૂરું કરીશ.' આમ અંકુર - ઇપ્સાનો એક ઇતિહાસ રચાયો અને પૂરો થયો. અંકુર ઇપ્સાને આપેલાં વચનથી કેવી રીતે જીવાશે ? એવા ખ્યાલ માત્રથી ગભરાઈ જાય છે. પરંતુ સમય, મિત્ર પરેશ અને તેની બે બહેનોના સહવાસથી ચાર જ દિવસમાં તેનું જીવન પૂર્વવત પાંખો ફેરવતું થઈ જાય છે. ઇપ્સાના પ્રેમપત્રોનું હવે કશું કામ નથી. એને નાખી દેવાનું નક્કી કરે છે. પરંતુ ગામના લોકો, મિત્ર પરેશ અને તેની બે બહેનો, ગામમાં જ રહેતી ઇપ્સા શું વિચારશે ? એવા ખ્યાલ માત્રથી એ પ્રેમમાં આઘાત પામેલા મજનુ બનીને રહેવાનું નક્કી કરે છે. શોકભવનનું નાટક શરૂ કરે છે. આ તરફ ઇપ્સા થોડા દિવસ પછી કોઈની વાગ્દત્તા બને છે. પરંતુ એને 'પ્રેમપત્રો'ની ચિંતા સતત સતાવ્યા કરે છે. 'હાર્યો જુગારી શું કરે ?' મારા નવજીવનમાં 'પ્રેમપત્રો'ના સહારે આગ લગાડે તો ? ઇપ્સા આવા વિચારથી અંકુર પાસેથી પ્રેમપત્રો પાછા લેવા જાય છે. અંકુર સરળતાથી ન-કામા પ્રેમપત્ર આપીને આ લે, લઈ લે અને સુખી થા એમ કહીને મફતમાં પ્રેમની નિષ્ઠા અને બલિદાન મેળવે છે. અંકુરનું ગૌરવ ને મહત્તા જોઈને ઇપ્સાનું હૃદય પરિવર્તન થાય છે ને અંકુરના પગે પડી જાય છે. તું... તું મારો જ છે. સદા મારો જ છે. એમ ઉચ્ચારીને અંકુરને ગળે વળગી પડે છે. પ્રેમના ભૂતમાંથી સંપૂર્ણ બહાર નિકળેલો અંકુર શોકનાટક પૂર્ણ કરીને ઇપ્સાને પ્રેમથી વળગે છે. વાર્તાંતે અંકુરને ઇપ્સાનું વિયોગ પછી ફરી મધુર મિલન થાય છે. આ નાટકીયતા વાચકને વક્રતાનો અનુભવ કરાવે છે.

સરોજ પાઠકે વાર્તાનું નિરૂપણ હળવી શૈલીમાં કર્યું છે. અંકુર અને ઇપ્સાના મુખમાં મુકાયેલાં સંવાદો વાચકને આકર્ષે છે. 'રંગ રંગ વાદળિયાં' વાર્તાની શરૂઆત અંકુરના ધારદાર પ્રશ્નોથી થાય છે. વાર્તાનો આરંભ આકર્ષક અને રહસ્યમય છે. ''સુધા તરસ્યા ઉદ્‌ગ્રીવ મુખ પર તમાચો મારીને હવે કહે છે કે હું હસું ?... ચાંદની રાતના નૌકા વિહારના પ્રલોભને હોડલીમાં બેસાડી ધકેલી લાવી મઝધારનાં વમળમાં

 ISSN 0976-9609

મને એકલો ધકેલી દીધો છે, ને હવે કહે છે, હું તરી જાઉં ? ''(પૃ.૧૪૪, વાર્તા વિશેષ-શરીફા વીજળીવાળા)

અંકુરના પ્રશ્નોથી રહસ્ય શરૂ થાય છે અને ખુલે છે. ઇપ્સા અને અંકુરનો પાગલ પ્રેમ, મુગ્ધાવસ્થાને ઉંમરે ઊભેલી વાર્તા નાયિકા ઇપ્સા પ્રથમ નજરે, લજ્જાશીલ આંખે એનું હૃદય પોકારી ઊઠે છે ''પ્રથમ દર્શન, પ્રણય-કુદરતનો આ જ સંકેત છે. આને જ સ્વીકારી લે અને તારું સર્વસ્વ એને જ સમર્પણ કરી દે.'' (એજન, પૃ.૧૪૬) ઇપ્સા હૃદયના ભાવને આવકારે છે ને અંકુરને પ્રથમ નજરનો પ્રેમ કરે છે. કોડિયાના ઝાંખપભર્યા પ્રકાશથી ટેવાયેલી તેની આંખોને અંકુરે અવનવા પ્રકાશની રંગ રંગ વાદિળયાં જેવી રંગીન દુનિયા બતાવી. અંકુર અને ઇપ્સા બંને એકબીજાનાં પ્રેમમાં ગળાબૂડ હતાં. પ્રેમની મહેફિલમાં સૌથી વધુ નશો અંકુરે જ કર્યો હતો એવું નોહતું. ઇપ્સા પોતે પણ પાગલ હતી. અને એટલે જ અંકુર એના સ્વપ્નમાં રઝળતો-રખડતો થઈ ગયો હતો. એટલે જ ઇપ્સા કહે છે ''આપણે દૂર દૂર ચાલ્યાં જઈશું, મને મા-બાપની પરવા નથી. તું સાથે છે તો વેરાનના સૂકા વૃક્ષ પર માળો બાંધીનેય હું રહીશ. તારી જ સાથે... ને યાદ રાખ, તું નહિ મળે તો હું મરી જઇશ.'' (પૃ.૧૪૫, એજન) પ્રેમમાં મશગૂલ બનીને પ્રેમપ્રલાપો કરતી ઇપ્સાના રંગીન જીવનમાં છ માસ પછી અચાનક ઓટ આવે છે. એને લાગે છે કે ''પુરુષનો પ્રેમ સમજવા, સહેવા માટે હજી તેનું મન તૈયાર નથી.'' (પૃ.૧૪૫, એજન) પ્રેમમાં પોતે ઉતાવળ કરી દીધી છે. હવે એને અંકુરની વાતોથી, પ્રેમથી, ચૂમીઓથી તે ગભરાઈ જતી; આશ્લેષોથી ગૂંગળાઈ જતી અને 'ઇપ્સા, ઇપ્સા' એવા પોકારથી ત્રાસી ઊઠતી હતી. આવું શા માટે થાય છે. એને કશું સમજાતું નહોતું. પરંતુ એને હવે લાગે છે કે અંકુરમાં કશુંક ખૂટે છે. એના પ્રેમમાં અધૂરપ-ઊણપ વર્તાય છે. એટલે એ પ્રેમસંબંધમાંથી છૂટવાનું મનોમન નક્કી કરે છે. ઇપ્સા માટે આ વાત એટલી સહેલી નહોતી, પરંતુ નદીનું મુખ પલટવા જેટલું અઘરું કામ હતું.

અંકુરનો પ્રેમ અનહદ હતો. એને ત્યજવાનું કોઈ કારણ સૂઝતું જ નહોતું. પોતે ખુલ્લી પડી જાય એની પણ બીક લાગતી હતી. સંબંધ પૂરો થયા પછી એ મારો દુશ્મન ન બની જાય. પ્રેમના આઘાતથી કોઈ ઉતાવળમાં પગલું ના ભરી દે એની એને બીક લાગતી હતી. તેમજ સંબંધ છૂટ્યા પછી કોઈ બીજા સાથે સુખેથી રહે એવા શુભ આશયથી છૂટા પડવાની તક મળે ત્યાં સુધી પ્રાણ વગરનું 'પ્રેમનાટક' અંકુર સાથે ભજવ્યા કરતી હતી. એકવાર એની સાથે મુલાકાત ગોઠવીને પ્રેમ સંબંધમાંથી છૂટા થવાની વાત કરે છે. ત્યારે અંકુરનો જે ગુસ્સો છે, એના જે પ્રશ્નો છે ત્યાંથી વાર્તાની શરૂઆત થાય છે. પ્રેમમાં મઝદરિયે છોડવાની વાત કરે છે. છતાં બંને જણા સ્વસ્થ થઈને એકબીજાને આત્મહત્યા નહીં કરવાનું વચન આપે છે. અંકુર કહે છે ''તારા પ્રેમપત્રોના સહારે જીવન જીવી લઈશ. એ જ મારી જીવન-ઔષધિ બની રહેશે.'' (પૃ.૧૪૭, એજન)

અંકુર અને ઇપ્સા છ માસના મુગ્ધ પ્રેમ પછી છૂટા પડે છે. અંકુરને ઇપ્સા વગરનું જીવન અધૂરું લાગે છે. જીવન કેવી રીતે જીવવું ? ખાવાનું ભાવતું નથી ? એક-બે-ત્રણ દિવસ તો આવું બધું થાય છે. પરંતુ ચોથા દિવસે તો મિત્ર પરેશ અને તેની બે બહેનો સાથે હળી મળીને પૂર્વવત જીવન જીવવા લાગે છે. એની એક બહેન સાથે મિત્રતા કેળવી લે છે. પ્રેમપત્રોના સહારે જીવન જીવી લઈશ. એવું કહેનાર અંકુરને હવે પ્રેમપત્ર નકામા લાગે છે. ફેંકી દેવાનું મન થાય છે, પરંતુ ગામમાં જ રહેતી ઇપ્સા, પરેશ અને તેની બે બહેનો, તેને ગામના લોકો શું કહેશે ? પોતાનો પ્રેમ આટલો નાજુક હતો ? એવા ડરથી એ પ્રેમમાં પાગલ મજનુ બનીને જીવવાનું નક્કી કરે છે. 'શોકભવન'નું નાટક શરૂ કરે છે. આ પ્રેમપત્રો, ''વાજતે ગાજતે સ્થાપના કરેલા,-'ગણેશ' જેવા પ્રેમપત્રોનું અનંત ચૌદશ જેવા શુભ દિને સહજભાવે વિસર્જન કરીશું'' એવો નિર્ધાર કરે છે.

આ તરફ ઇપ્સાને શરૂઆતમાં અંકુરની કરુણતા યાદ આવે છે. થોડા સમયમાં એ કોઈની વાગ્દત્તા બને

છે. એ અંકુરના 'પ્રેમપત્રોને સહારે...' વચનથી ગભરાતી હતી. એને ચિંતા થતી હતી. ક્યાં સુધી એ એને સહારે જીવશે ?

''ને એક દિવસ થાકી જશે તો ?''

તો ? તો ? તો ?

શું ઉં ઉં ઉં...!

હાર્યો જુગારી શું કરે ? પ્રેમપત્રોને સહારે જીવતો અંકુર પલટાઈ જશે તો ? નવજીવનમાં મહાલતી તેને જોઈ એ વિફરશે તો ? ઝેરી બદલો લેવા દુશ્મન બનશે તો ? નવજીવનમાં આગ ચાંપવા પેલું પેકેટ... (પૃ.૧૪૯-૧૫૦, એજન)

આ વિચાર માત્રથી ઇપ્સાનું મન ખળભળી ઊઠે છે. અને એ પ્રેમપત્રો પાછા લેવાનું નક્કી કરે છે. એમાં પણ એને ડર લાગે છે. અંકુર સાથે હવે તો પ્રેમ પણ નથી. ચાર માસ પછી કયાં મોઢે પ્રેમપત્રો પાછા માંગવા જવું ? પ્રેમમાં પાગલ અંકુર આટલા સમય પછી ઇપ્સાને જુએ અને 'તારા વગર નહીં રહી શકું' ના ઓશિયાળા પ્રલાપો કરી બેસે તો.... સમેટી લીધેલા પ્રકરણને ફરી ઉખેળવાનું....? (પૃ.૧૫૦, એજન)

પ્રેમ સ્વાર્પણ માંગે છે, બલિદાન માંગે છે, એવા મનના મક્કમ નિર્ધાર સાથે ચાર માસ પછી પ્રેમપત્રો પાછા લેવા જાય છે. અંકુર પથારીમાં હતો. ઊંઘમાંથી માંડ ઊઠ્યો હતો. મજનુ વેશને કારણે દાઢી વધી ગઈ હતી. અચાનક અંકુર ઇપ્સાને સામે જોઈ મૂંઝાઈ ગયો. તે દફનાવેલો ઇતિહાસ ફરીથી રચવા તો નથી આવી ને?' (પૃ.૧૫૨, એજન) મન એવા અનેક પ્રશ્નોના તર્ક સાથે વિચારોના ચકડોળે ચઢી ગયું. ત્યાં જ ઇપ્સાના શબ્દો સડસડાટ સંભળાય છે. ''તો હજીય એને મારા પ્રેમમાં વિશ્વાસ છે ? પ્રેમપત્રો પાછા મેળવીને પ્રેમનાં મૂલ્યો ચૂકવવાનું કહે છે ? એને બલિદાન ગણે છે મારું ? એમ ત્યારે ભલે ! મારેય હવે શા માટે એનો ભ્રમ ભાંગવો ? ભલેને તે જીવનભર આ આખાય ખેલની ગુનેગાર પોતાને જ માન્યા કરે. પ્રેમપત્રો પાછા આપી વળી એક ઉપકાર એને માથે ચડાવીને મારા પ્રત્યેના માનમાં વધારો કેમ ન કરવો ? શહીદોમાં નામ કેમ ન નોંધાવવું ? પ્રેમી તરીકેની પાત્રતા, સજ્જનતા, પ્રેમની નિષ્ઠા, પ્રેમનું બલિદાન -બધું જ હવે એક બિનઉપયોગી-પ્રેમપત્રો વસ્તુ આપી દઈને મફતમાં મળી જતાં હોય તો?'' (પૃ.૧૫૨ એજન) શહીદમાં પોતાનું નામ નોંધાવવા તૈયાર થયેલો અંકુર ઇપ્સાને ગંભીર અવાજે ગૌરવભર્યો જવાબ આપે છે.

''તને આજના અંકુરમાં અને આવતી કાલના અંકુરમાં વિશ્વાસ નથી તો ભલે. મારો પ્રેમ નિષ્કલંક રહે તે માટે જીવતાં છાતી ચીરી હૈયું આપી શકું એમ છું..... આ લે. લઈ લે અને સુખી થા.'' (પૃ.૧૫૨-૧૫૩, એજન)

કબાટમાંથી નકામા પ્રેમપત્રો આપીને અંકુર ઇપ્સા અને વાચકની આંખમાં હીરો બની જાય છે. ઇપ્સાએ પ્રેમપત્રો આટલી સરળતાથી મળી જશે. એમ ધાર્યું નહોતું. કેટકેટલી કાકલૂદીઓ અને ઓશિયાળા બનવું પડશે અને ન માને તો છેલ્લે સત્યાગ્રહ કરવાનું શસ્ત્ર પણ અપનાવવાનું ગોઠવ્યું હતું. પરંતુ એની બધી વિચારણા ઊંધી પડી. અકલ્પનીય અંત જોઈ તે બેસી પડે છે. વીરને છાજે એવું બલિદાન જોઈને એનું હૈયું ભરાઈ આવે છે અને બોલી ઉઠે છે

''વિરહે એને તપાવીને કંચનવર્ણો બનાવ્યો હતો શું ? ''(પૃ.૧૫૩ એજન) ખોળામાં પડેલા પ્રેમપત્રો સજીવન થઈને ઇપ્સાનું હૃદય પરિવર્તન કરે છે. અંકુરના ઉદાર, ઉમદા, પ્રેમાળ હૈયા પાસે જઈને નમી પડે છે. ચરણ સ્પર્શ કરે છે. અંકુરમાં એને જે ખોટ-ઊણપ વર્તાતી હતી. એમાં ઇપ્સાને પોતાની જ ભૂલ લાગે છે. માફી માંગે છે. અને અંકુરના ગળામાં ડૂસકાં લેતા બાજી પલટી નાખતાં બોલી ઉઠે છે

''અંકુર.... મને માફ કર. હું.... હું તારી જ છું. કોઈની વાગ્દત્તા ભલે રહી, પણ આ પ્રેમપત્રો લેવા આવતાં... તારા પ્રેમની કસોટી કરતી હતી. તારું મન જોતી હતી. આ બધો તો ખેલ હતો. હું કોઈ કાળે

 ISSN 0976-9609

બીજાને પરણવાની નથી. તું... તું મારો જ છે. સદા મારો જ છે.'' (પૃ.૧૫૪, એજન) પોતાના ખભા પર માથું મૂકીને ડૂસકાં લેતી ઇપ્સાના આ શબ્દ સાંભળી અંકુર ડઘાઈ જાય છે. એની આંખો ફાટી પડે છે. આખું ચક્ર ફરી જાય છે. દૂરથી આવતા મિત્ર પરેશને ઈશારાથી જવાનું સૂચન કરીને પ્રેમના ભૂતમાંથી સંપૂર્ણ બહાર નીકળી ચૂકેલો અંકુર 'શોકનાટક' પૂર્ણ કરીને ઇપ્સાને વ્હાલથી વળગી પડે છે. માથા પર પ્રેમભર્યો હાથ ફેરવે છે. પત્તાની રમતમાં છેલ્લો હુકમનો એક્કો ફેંકતા બોલ્યોઃ ''બધું ભૂલી જા. તેં મારા પ્રેમની કસોટી કરી. પણ જાણ હવે તારા પ્રેમની કસોટી નહીં થાય.'' (પૃ.૧૫૪, એજન)

આમ, વાર્તાંતે મુગ્ધયુગલો થોડા સમયના વિરહ પછી એક થાય છે. મધુર મિલન થાય છે. વાર્તાનો સુખદ અંત આવે છે, પરંતુ વાર્તાના અંતમાં આવતો અચાનક વળાંક/વક્રોકિત ભાવકને આશ્ચર્ય પમાડે છે.

''રંગ રંગ વાદળિયાં'' વાર્તામાં મુખ્ય બે પાત્રો છે. વાર્તાનાયક અંકુર અને વાર્તાનાયિકા ઇપ્સા. વિરહી અંકુરને સાથ આપવા વાર્તાકારે મિત્ર પરેશ અને તેની બે બહેનો જેવા ગૌણ પાત્ર નિરૂપ્યાં છે. આખી વાર્તા અંકુશ ને ઇપ્સાના સંવાદોથી આગળ વધે છે. વાર્તાકારે બંનેના મનોજગતને સરસ રીતે આલેખ્યું છે. વિરહી અંકુર હોય કે પછી વાર્તાંતે ઇપ્સાનું બદલાતું ચિત્ર સરસ રીતે ઉપસાવી આપ્યું છે. વાર્તાના સંવાદો સરળ છતાં ચોટદાર છે. દિલાવરસિંહ જાડેજાને આ વાર્તાના સંવાદોમાં બનાવટીપણાનો રંગ દેખાયો છે. (પૃ.૨૨૧, 'સંવેદના અને સર્જન' સરોજ પાઠક-દિલાવરસિંહ જાડેજા) પરંતુ આ સંવાદોને શરીફા વીજળીવાળા વાર્તાનાયિકાની સિધ્ધિ માને છે. જુઓ, ''હકીકતે સંવાદોમાં બનાવટીપણું એ સમગ્ર વાર્તાની જરૂરિયાત છે. અહીં બધું જ બનાવટી છે, નાટકિયું છે. તો પછી સંવાદો પણ એવા જ હોવાના ને? છૂટા પડતી વખતે નાટકિયો પ્રેમ કહો કે પ્રેમનું નાટક કહો. છોકરમતમાં થતો પ્રેમ, એ નાટક પૂરું થાય એટલે વિરહનું નાટક શરૂ થાય. આ વાર્તાના અંત સામે પણ પ્રશ્ન ઉઠાવવાની જરૂર મને નથી લાગતી. આવા નાટકનો અંત તો આવો રમતિયાળ જ હોય ને? હળવી રગમાં લખાયેલી આ વાર્તામાં નાટકિયા સંવાદો લેખિકાની મર્યાદા નથી પણ સિધ્ધિ છે.''

હળવી શૈલીમાં આખી વાર્તા નિરૂપાઈ છે. સર્વજ્ઞ કથનકેન્દ્ર દ્વારા વાર્તાનાયિકાએ ઇપ્સાને અંકુરના મિલન-વિરહને મિલનને વર્ણવ્યું છે. સંવાદની જેમ વાર્તાની ભાષા રમૂજી છે. સરળ છે. તેમ છતાં એનું સૌંદર્ય પણ અદ્ભુત છે

''ચાંદની રાતના નૌકાવિહારના પ્રલોભને હોડલીમાં બેસાડી લાવી મઝધારના વમળમાં મને એકલો ધકેલી દીધો છે, ને હવે કહે છે, હું તરી જાઉં ?'' (પૃ.૧૪૩, એજન)

''વહેતી નદીનું મુખ પલટવા જેટલું એ અઘરું કામ હતું.'' (પૃ.૧૪૩, એજન)

પ્રાગૈતિહાસિક પથ્થર યુગના માનવને સૂર્ય - ચંદ્રના પ્રકાશના સત્યની તેની પાછળના વિજ્ઞાનની વાત સમજાય અને તેની મુગ્ધતા સાવ ઓછી થઈ જાય તેમ તેનેય બધું સહજ કુદરતી લાગવા માંડ્યું હતું.'' (પૃ.૧૪૬)

આમ, વાર્તામાં વાર્તાકારે અંકુરને ઇપ્સાના પાત્ર દ્વારા માનવ મનના ચંચળ-તરલ તરંગોને તેમજ સાથે સાથે યુવાનીનું મુગ્ધહૃદય સંબંધમાં કેટલી ઝડપથી કરવટ બદલે છે એ સુપેરે આલેખ્યું છે. 'રંગ રંગ વાદળિયાં' અંકુર અને ઇપ્સાના અનોખા પ્રણયની વાર્તા બની રહે છે.

**સંદર્ભ :**


૧. વાર્તાવિશેષઃ સરોજ પાઠક-સં. શરીફા વીજળીવાળા
૨. સંવેદના અને સર્જન : સરોજ પાઠક-દિલાવરસિંહ જાડેજા



અધ્યક્ષ, ગુજરાતી વિભાગ,
સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, સોજિત્રા

|| વ્યક્તિત્વ ||

## જયાબેન શાહનું જીવન ઝરમર

**નેહા નીતિનભાઈ પરમાર**

પ્રાચીન સમાજથી લઈને વર્તમાન સમાજનું અવલોકન કરીએ તો જણાશે કે ઘણી સ્ત્રીઓ સમાજ-ની અમુક પરંપરાઓ, માન્યતાઓ, માનસિકતા વગેરેથી પરે થઈને અમુક એવા ક્ષેત્રોની પ્રવૃત્તિઓ અને જવાબદારીઓનું વહન કરીને સમાજ માટે એક ઉદાહરણ સ્વરૂપ બની જાય છે. આવી સ્ત્રીઓના કાર્ય અને વિચારોને સમાજ કાયમને માટે એક પરિવર્તન તરીકે જુએ છે. ભારતના ઇતિહાસમાં સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાનનો ઇતિહાસ જોઈએ તો વિનોદિની નીલકંઠ, અનસૂયાબેન સારાભાઈ, મણીબહેન પટેલ, કસ્તુરબા, ભક્તિબા દેસાઈ, મીઠુબેન પીટીટ, શારદાબહેન મહેતા, પુષ્પાબહેન મહેતા જેવી સ્ત્રીઓએ જાહેરજીવનમાં સ્વાતંત્ર્ય સેનાની તરીકે, રચનાત્મક કાર્યકર તરીકે, સાહિત્યકાર તરીકે, સમાજ સુધારક તરીકે, કેળવણીકાર તરીકે, રાજકારણી તરીકે એમ અનેક કાર્યો સાથે સંકળાયેલા રહીને પણ એક ગૃહિણી તરીકે ઘરની જવાબદારી પણ એટલી જ નિષ્ઠાથી સંભાળી છે. ગુજરાતનાં આવા સ્ત્રી રત્નોમાં એક છે જયાબેન શાહ.

જયાબેન શાહ એ સૌરાષ્ટ્રના રચનાત્મક કાર્યકર, સૌરાષ્ટ્ર વિધાનસભાના સભ્ય, સૌરાષ્ટ્રના નાયબ શિક્ષણ મંત્રી, લોકસભાના સભ્ય, લેખક, વાચક અને અનેકવિધ સામાજિક સંસ્થા સાથે સંકળાયેલાં નારી હતા. જયાબેનનો જન્મ તારીખ ૧ ઓક્ટોબર, ૧૯૨૨માં માતા લક્ષ્મીબેન અને પિતા ત્રિભુવનદાસને ત્યાં થયો હતો. ભાવનગરમાં જયાબેન તેમના માતા પિતા, ત્રણ બહેનો અને એક ભાઈ સાથે રહેતાં હતાં. થોડાં સમય પછી જયાબેનનો પરિવાર તખ્તેશ્વર મહાદેવ નજીક આવેલા વાળકુડ વાળાની ચાલને નામે જાણીતી ચાલના સંકુલમાં રહેવા માટે ગયા. ત્યાંથી નાનાભાઈ ભટ્ટ દ્વારા સ્થાપિત દક્ષિણામૂર્તિ અને ગિજુભાઈ બધેકાનું બાલમંદિર નજીક હતાં. આ બંને સંસ્થાના શિક્ષકો અને તાલીમાર્થીઓ આ સંકુલમાં રહેતા હતા. આ સંકુલમાં નટવરલાલ બુચ (ગાંધીયુગના લેખક), કવિ શ્રી મનસુખ ઝવેરી જેવા લોકો રહેતા હતા. દક્ષિણામૂર્તિ અને બાલમંદિરમાં જ્યારે ભજન, નાટક ગીતો વગેરેનો કાર્યક્રમ હોય ત્યારે જયાબેન એ સંકુલમાં જતાં હતાં. આ સંકુલમાં આવ્યા બાદ જયાબેન મહિલા વિદ્યાલયમાં અભ્યાસ અર્થે ગયા. આ વિદ્યાલયમાં રહીને એમણે અમુક પ્રવૃત્તિઓની શરૂઆત કરી. જેમકે, વર્તમાનપત્રમાંથી સમાચારોની નોંધ લઈને બોર્ડ પર લખવા, લાઈબ્રેરીમાં પુસ્તકો વ્યવસ્થિત કરવાનું, તેના પર પૂંઠા ચડાવવાનું, નંબર લખવાનું વગેરે. આગળ અભ્યાસમાં જયાબેન અંગ્રેજી સાહિત્યના વિષય સાથે ગ્રેજ્યુએટ થયા હતા. ઉપરાંત ઇતિહાસ, રાજકારણ, અર્થશાસ્ત્રના અભ્યાસી હતા.

આગળ જયાબેનનો વજુભાઈ સાથે સંપર્ક થયો. બંને વચ્ચેની સમજ બાદ વર્ષ ૧૯૪૫માં બંને લગ્નસંબંધથી જોડાયાં. લગ્ન પણ રજિસ્ટર પદ્ધતિથી કર્યાં.

### જાહેર જીવનનો આરંભ :

વર્ષ ૧૯૪૮માં દ્વારકા બેટદ્વારકાના મંદિરમાં હરિજનોના પ્રવેશ માટેની લડતથી જયાબેને જાહેર જીવનનો આરંભ કર્યો હતો. આ સમયે એમની ઉંમર માત્ર ૨૬ વર્ષની હતી. (ઠક્કર ૨૦૧૫ઃ ૧૪૮-૧૫૦).

### સ્વાતંત્ર્ય સંગ્રામમાં :

આ ઉપરાંત જયાબેનના બેન કુસુમબેને લખ્યું છે, કે આઝાદીની લડત સમયે નવાપરામાં એટલે કે ભાવનગર જિલ્લાના આ વિસ્તારમાં અમારા ઘર પાસેથી એકવાર સ્વાતંત્ર્ય સૈનિકોનું સરઘસ નીકળ્યું. જયાબેન દોડીને તેમાં જોડાઈ ગયાં. આમ આ ઘટનાથી જયાબેન સ્વાતંત્ર્ય સંગ્રામમાં જોડાયાં એવું કહી શકાય. (મેઘાણી ૨૦૧૫ઃ ૧૧૪-૧૧૮).

હિંદમાં જ્યારે હિંદ છોડોની લડત ચાલી રહી હતી એ સમયે સૌરાષ્ટ્રના રાજકોટ, અમરેલી, પોરબંદર,


ISSN 0976-9609

ભાવનગરમાં પણ આ લડતના મંડાણ થયા હતા. આ લડતમાં જ્યારે ભાવનગરના નેતાઓની ધરપકડ થાય છે, એ પછીથી લડતનું સુકાન બહેનોના હાથમાં આવે છે. આ સમયે વિલાબેન, સરોજબેન મહેતા, પ્રેમિલાબેન શાહ વગેરે બહેનોએ સરકારી કાયદાનો ભંગ કરી કાચી જેલની સજા ભોગવી હતી. (દેસાઈ, ૧૯૮૯: ૧૭).

**રચનાત્મક કાર્યકર તરીકે :**

જયાબેને ખાદી, નશાબંધી, વ્યસનમુક્તિ, ભંગીકષ્ટમુક્તિ જેવા વિષયો પર સમાજમાં જાગૃતિ લાવવા માટેનાં અસંખ્ય કાર્યો કર્યા હતાં. જયાબેન સમગ્ર જીવન દરમિયાન ખાદીને કેટલું મહત્ત્વ આપતાં હતાં તે અમુક વાતો પરથી જાણી શકાય છે. જયાબેને ખાદી પહેરવાની શરૂઆત અભ્યાસકાળથી જ કરી દીધી હતી કે જ્યારે વજુભાઈ તેમની શાળામાં આવ્યા હતા અને પૂછ્યું હતું કે તમે લોકો ખાદી કેમ નથી પહેરતાં ? આ પ્રશ્નનો જવાબ તો જયાબેન પાસે નહોતો. પરંતુ તેમણે આ દિવસે જ ખાદી ભંડારમાં જઈ ખાદીની સાડી ખરીદી અને ખાદી પહેરવાનું શરૂ કર્યું. મોરબીમાં મચ્છુ ડેમ જળપ્રલય વખતે રાહત માટેનું કાર્ય કર્યું હતું. (દેસાઈ ૨૦૧૫: ૬૨-૬૬). વર્ષ ૧૯૮૩ માં જ્યારે જૂનાગઢ જિલ્લામાં ઓઝત નદીમાં પૂર આવ્યું ત્યારે ત્યાંના લોકોની રાહત માટેનું કાર્ય જયાબેને ઉપાડી લીધું હતું. (રાવલ ૨૦૧૫: ૧૬૩-૧૬૭).

સૌરાષ્ટ્ર-કચ્છમાં જ્યારે વર્ષ ૧૯૯૮ના જુલાઈ માસમાં વાવાઝોડું આવ્યું ત્યારે જામનગરના ખંભાળિયા તાલુકામાં જે અસર થઈ હતી તેના સંદર્ભે ખંભાળિયાના રામનગર ગામમાં વાવાઝોડા દરમિયાન સમિતિની ભાગીદારીથી લગભગ બાવન જેટલાં મકાનો બંધાવ્યા. (સોનાગરા ૨૦૧૫)

આ ઉપરાંત ભંગીકષ્ટ મુક્તિ અંતર્ગત વિવિધ મ્યુનિસિપાલિટીઓમાં ફરીને લોકોને જાગૃત કર્યાં. વર્ષ ૧૯૬૯ની ગાંધીજયંતીના દિવસે અમરેલી જિલ્લાના બાબરા ગામને અન્ય સાથીઓ સાથે મળીને સંપૂર્ણ ભંગીમુક્ત કર્યું. (શાહ ૮૨).

**સાંસદ તરીકે :**

જયાબેન સૌરાષ્ટ્ર વિધાનસભાના સભ્ય, સૌરાષ્ટ્રના નાયબ શિક્ષણમંત્રી, લોકસભાના સભ્ય તરીકે રહ્યા હતા. નાનાભાઈ ભટ્ટ દ્વારા સ્થાપિત ગ્રામદક્ષિણા મૂર્તિ આંબળાસ ખાતે અભ્યાસ કરી ચૂકેલાં સવશીભાઈ મકવાણાએ લખ્યું છે કે વર્ષ ૧૯૪૭માં સ્વરાજ આવતાં આંબળાસની સંસ્થામાંથી પ્રભાતફેરી શરૂ કરવામાં આવી. ઢોલ વાગ્યા, તોરણ બંધાયા, સામૂહિક ભોજન થયું. સૌરાષ્ટ્ર સરકારની રચના કરવામાં આવી. જેમાં નાનાભાઈ ભટ્ટ શિક્ષણ પ્રધાન અને જયાબેન નાયબ શિક્ષણમંત્રી બન્યા. તેઓ વર્ષ ૧૯૫૨થી ૧૯૫૭ દરમિયાન સૌરાષ્ટ્રના નાયબ શિક્ષણમંત્રી પદ પર હતાં ત્યારે જૈન શ્રેષ્ઠિ મેઘજી પેથરાજ શાહ પાસેથી દાન મેળવી સૌરાષ્ટ્ર સરકાર દ્વારા દરેક ગામમાં પ્રાથમિક શાળાના મકાનો બનાવવા માટે ૫,000/-ની સખાવત સાથેની યોજના બનાવવામાં આવી. ધજાળામાં પણ પ્રાથમિક શાળાની શરૂઆત કરવામાં આવી. (મકવાણા ૨૦૧૫: ૮૬-૯૦). ઉપરાંત આ પદ પર રહીને તેમણે સૌરાષ્ટ્રના નિરક્ષર લોકોને સાક્ષર બનાવવા, મહિલાઓ માટે મહિલા મંડળો તેમજ શહેરોમાં વિકાસગૃહો સ્થાપવામાં તેમનો ફાળો રહ્યો છે.

જયાબેન ત્રણ ટર્મ સુધી લોકસભાના સભ્ય તરીકે રહ્યાં હતાં. અમરેલી-જુનાગઢ-ઊના-પોરબંદરના તેમના મતવિસ્તારની જયાબેન વર્ષ દરમિયાન બે વાર મુલાકાત લેતાં અને લોકોને મળતાં (સલ્લા ૨૦૧૫ ૧૩૮-૧૪૩).

જવાહર નહેરૂ જ્યારે પ્રધાનમંત્રી હતા એ સમયે જયાબેને લોકસભામાં દહેજપ્રથા વિષય પર વાત મૂકી. જયાબેને વાત મૂકતાં કહ્યું કે દહેજની પ્રથા પર કાયદા દ્વારા પ્રતિબંધ લાવવો એ થોડું અઘરૂં છે. પરંતુ આજની યુવાપેઢી જ દહેજ લેવાની ના પાડે અને દહેજ નહીં લઈએ એવી શરત સાથે લગ્ન કરવા તૈયાર થાય. જો આવો સંકલ્પ કરે તો આ દહેજનું

દૂષણ દૂર થાય. (સલ્લા ૨૦૧૫) તેમની આ વાતથી પ્રભાવિત થયેલા જવાહરલાલ નહેરૂ દ્વારા તેમને અનેક કાર્યોની સોંપણી કરવામાં આવી. જુદી-જુદી સમિતિ-ઓમાં સ્થાન આપવામાં આવ્યું. તેમના આવા પ્રજાકીય કાર્યોની અસરના કારણે જ જ્યારે જયાબેનને ત્રીજીવાર લોકસભાની ટિકીટ આપવાની હતી ત્યારે મોરારજી દેસાઈએ કીધું કે, તમે લોકોના કાર્યો કરીને લોકો સુધી પહોંચ્યા છો એટલે તમારું નામ લોક-સંમતિથી લેવાયું છે. (સલ્લા ૨૦૧૫ : ૧૩૮-૧૪૩). તેઓ તેમના નિર્ણય પર અડગ રહેનારાં હતાં. વર્ષ ૧૯૬૯માં જ્યારે કોંગ્રેસનું વિભાજન થયું એ સમયે તેમને અનેક પ્રલોભનો અપાયાં, પરંતુ તેમણે અંત સુધી મોરારજી દેસાઈનો સાથ આપ્યો. આ ઉપરાંત વાંકાનેર અને પારડીમાં લોકજાગૃતિના ઘણા કાર્યો કર્યા હતાં. આ ઉપરાંત જ્યારે રાજકોટ લોધિકા જિલ્લા સહકારી સંઘની સ્થાપના કરવામાં આવી ત્યારે તેના પ્રથમ પ્રમુખ તરીકે જયાબેનની વરણી કરવામાં આવી.

**વાચન અને લેખન :**

વિદ્યાર્થીકાળથી જ જયાબેનને વાચનનો સારો શોખ હતો. જયાબેનને કનૈયાલાલ મુનશી, રમણલાલ દેસાઈ, ધૂમકેતુ, શરદ બાબુ વગેરેની નવલકથાઓ વાંચવામાં રસ હતો. જયાબેન જ્યારે ઘરે હોય અને અભ્યાસ સિવાયનાં અન્ય પુસ્તકો વાંચતાં હોય ત્યારે તેમના માતા તેમને કહેતાં કે, આવું વાંચવામાં શા માટે આંખો ખરાબ કરો છો? આથી, જ્યારે કુટુંબના સભ્યો સૂઈ જાય ત્યારે ફાનસની વાટને ઊંચી કરીને જયાબેન વાંચતાં. તેમણે રામનારાયણ પાઠકનું પચાસ વર્ષ પછી પુસ્તક એક રાતમાં જ પૂરું કર્યું હતું. (શાહ ૧૬) જયાબેન જ્યારે વર્ષ ૧૯૪૮ના દ્વારકા હરિજનોના મંદિર પ્રવેશ માટેના કાર્યને પૂર્ણ કરીને પરત ફરતા હતાં એ સમયે સમગ્ર મુસાફરી દરમિયાન Who Walk Alone નામનું લેપ્રસીના દર્દીઓને લગતું અંગ્રેજી પુસ્તક વાંચ્યું. જેની તેમના મન પર ખૂબ અસર થઈ હતી.

વાંચન ઉપરાંત તેમણે પુસ્તકો અને લેખો લખ્યા છે અને સંપાદકનું કાર્ય પણ કર્યું છે. સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિના સામયિક સ્વરાજ ધર્મમાં જયાબેન નિયમિત લખતાં હતાં. જેમાં તેઓ અર્થકારણ, રાજકારણ, સામાજિક પ્રશ્નો, કૌટુંબિક પ્રશ્નો, મહિલાઓના પ્રશ્નો, દલિત-આદિવાસીના પ્રશ્નો ખૂબ તટસ્થ અને સંવેદના સાથે લખતાં. તેમણે નામી-અનામી શહીદો અને ભારતના ક્રાંતિકારીઓ ઉપરની એક લેખની શ્રેણી ફૂલછાબ પત્રમાં લખી. ભગતસિંહ, ચંદ્રશેખર જેવા લોકો વિશે સુંદર લેખો લખ્યાં હતાં.

**સામાજિક સંસ્થાઓ સાથે :**

જયાબેન સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ-રાજકોટ, સૌરાષ્ટ્ર હિન્દી પ્રચાર સમિતિ-રાજકોટ, ગાંધી સ્મૃતિ-ભાવનગર, સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ હેઠળના ખાદીકેન્દ્રો, ખાદી ભવનો, ગ્રામ સ્વરાજ મંડપ-પારડી, સર્વોદય સેવા સંઘ-વાંકાનેર, ગ્રામ દક્ષિણામૂર્તિ-આંબળાસ, લોકભારતી-સણોસરા, અલિયાબાડાની ગંગાજળ વિદ્યાપીઠ, શારદાગ્રામ માંગરોળ જેવી અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલાં હતાં. ગુજરાત નશાબંધી મંડળના અધ્યક્ષ, બબલભાઈ મહેતા નેત્રરક્ષા ટ્રસ્ટના પ્રમુખ, તરીકે રહ્યા હતા. સ્ત્રીઓ સામેના અન્યાયો અને પરંપરાગત રૂઢિઓ સામે લડવા કાયમ તત્પર રહેતાં. (દલાલ ૨૦૧૫: ૯૬-૯૮).

જયાબેન જાહેરજીવનની જવાબદારીઓ અને કાર્યો જેટલી નિષ્ઠા સાથે કરતાં એટલી જ નિષ્ઠા સાથે ઘરની જવાબદારીઓ અને કાર્યોની પણ સંભાળ લેતાં. બાળકો અમિતા અને અક્ષયના વિવાદો હોય, વજુભાઈનો પત્રવ્યવહાર હોય કે વજુભાઈ દ્વારા લીધેલા કાંતણનો સંકલ્પ હોય. બધામાં જયાબેનનું યોગદાન તો હોય જ. જ્યારે વજુભાઈ દ્વારા લેવામાં આવેલાં કાંતણ સંકલ્પમાં વજુભાઈ પહોંચી ના શકે ત્યારે જયાબેન આ સંકલ્પ પૂર્ણ કરતાં. એક ગૃહિણી તરીકે જયાબેન જે રીતે તેમનાં અતિથિનો સત્કાર કરતાં અને સંભાળ લેતાં તેની વાત તેમના ઘરે જઈ આવેલાં દરેક

વ્યક્તિ પાસેથી સાંભળવા મળે જ. ઘરે આવનારાં દરેક વ્યક્તિની પસંદ-નાપસંદનો જયાબેનને ખ્યાલ હોય જ. જેમ કે ઢેબરભાઈ માટે બે સફેદ ચાદર, મનુભાઈ માટે ટીંડોરાનું અથાણું, રતુભાઈ અદાણી માટે બિસ્કિટ જેવી ભાખરી આ દરેક વસ્તુઓ તે લોકો આવે ત્યારે હાજર જ હોય. (દેસાઈ ૨૦૧૫:૧૧૯-૧૨૨). જયાબેન ના બહેન કુસુમબેન એક પ્રસંગ ટાંકે છે કે, જયાબેનની ઉંમર ૯૦ વર્ષની હતી ત્યારે પણ અમે તેમના ઘરે જતાં તો તે આટલી ઉંમરે પણ અમારા માટે ગરમાગરમ નાસ્તો બનાવતાં. (મેઘાણી ૨૦૧૫ ૧૧૪-૧૧૮).

**સંદર્ભ સૂચિ :**

ઠક્કર, પ્રવીણ. ૨૦૧૫. *વ્યવસ્થાપનમાં લોકશાહી અને ભાગીદારીના પુરસ્કર્તા.* ગોડા, હિંમતભાઈ રાજુલ દવે, દિપેશ બક્ષી.(સંપા) ૨૦૧૫. જેણે જીવી જાણ્યું. પૃ. ૧૪૮-૧૫૦ રાજકોટ સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ.

દલાલ, યાસીન. *બહુઆયામી જયાબહેન.* ગોડા, હિંમતભાઈ, રાજુલ દવે, દિપેશ બક્ષી.(સંપા) ૨૦૧૫. જેણે જીવી જાણ્યું. પૃ. ૯૬ - ૯૮ રાજકોટ સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ.

દેસાઈ, ઊર્મિલા. ૨૦૧૫. *મૂલ્યોનાં સાચા રાહબર.* ગોડા, હિંમતભાઈ. રાજુલ દવે, દિપેશ બક્ષી.(સંપા) ૨૦૧૫ જેણે જીવી જાણ્યું. પૃ. ૧૧૯ - ૧૨૨ રાજકોટ સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ.

દેસાઈ, દેવેન્દ્રકુમાર. ૨૦૧૫ .*જીવી જાણ્યું જયાબહેને.* ગોડા, હિંમતભાઈ, રાજુલ દવે, દિપેશ બક્ષી.(સંપા.) ૨૦૧૫ જેણે જીવી જાણ્યું. પૃ૬૨-૬૬ રાજકોટ સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ.

દેસાઈ, મહેબૂબ. ૧૯૮૯. બેતાળીસમાં સૌરાષ્ટ્ર. અમદાવાદ પાર્શ્વ પ્રકાશન.

મકવાણા, સવશીભાઈ. ૨૦૧૫. *અમારા જીવન ઘડતરમાં વજુભાઈ-જયાબહેન શાહનો અમૂલ્ય ફાળો.* ગોડા, હિંમતભાઈ. રાજુલ દવે, દિપેશ બક્ષી.(સંપા.) ૨૦૧૫ જેણે જીવી જાણ્યું. પૃ.૮૬-૯૦ રાજકોટ સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ.

મેઘાણી, કુસુમબેન ૨૦૧૫. *મા સમાન મોટાબહેન.* ગોડા હિંમતભાઈ, રાજુલ દવે, દિપેશ બક્ષી.(સંપા) ૨૦૧૫ જેણે જીવી જાણ્યું. પૃ. ૧૧૪-૧૧૮ રાજકોટ સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ)

મોદી, અમૃત. ૨૦૧૫. *ગાંધીમાર્ગના કર્મઠ અગ્રણી.* ગોડા હિંમતભાઈ, રાજુલ દવે, દિપેશ બક્ષી.(સંપા) ૨૦૧૫ જેણે જીવી જાણ્યું. પૃ.૮૩-૮૫ રાજકોટ સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ.

રાવલ, જયંતભાઈ ૨૦૧૫ *મીઠાં સંસ્મરણો.* ગોડા હિંમતભાઈ, રાજુલ દવે, દિપેશ બક્ષી. (સંપા) ૨૦૧૫ જેણે જીવી જાણ્યું. પૃ ૧૬૩-૧૬૭ રાજકોટ સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ.

સલ્લા, મનસુખ. ૨૦૧૫. *નિર્ભિક કર્મઠતા, વિચારનિષ્ઠ પ્રતીતિ.* ગોડા હિંમતભાઈ, રાજુલ દવે, દિપેશ બક્ષી. (સંપા) ૨૦૧૫ જેણે જીવી જાણ્યું. પૃ.૧૩૮-૧૪૩ રાજકોટ સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ.

સોનાગરા, કરસનદાસ. ૨૦૧૫. *જયાબહેન શાહની દીર્ઘદષ્ટી.* ગોડા હિંમતભાઈ, રાજુલ દવે, દિપેશ બક્ષી.(સંપા) ૨૦૧૫ જેણે જીવી જાણ્યું. પૃ. ૧૬૮-૧ ૭૦ રાજકોટ સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ.

શાહ, જયાબેન. વજુભાઈ અને જયાબેનના સંસ્મરણો (નામ મેં આપેલું છે). (સંસ્મરણ).

---

પીએચ. ડી. સંશોધક
અનુસ્નાતક ઇતિહાસ વિભાગ
સરદાર પટેલ યુનિવર્સિટી
વલ્લભવિદ્યાનગર, આણંદ, ગુજરાત.
nehaparmar6806@gmail.com

## ॥ ઐતિહાસિક ॥

## ૧૮૫૭માં વડોદરા

પારિકા જશવંતભાઈ રાઠોડ

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામનાં ઇતિહાસમાં ૧૮૫૭નું વર્ષ ખૂબ જ મહત્ત્વનું કહી શકાય એવું છે. આ વર્ષે ભારતમાં બનેલી એક ઘટનાને ઇતિહાસકારોએ જુદા જુદા નામે ઓળખાવી છે. કોઈ તેને સૈનિક બળવો કહે છે, તો કોઈ વિદ્રોહ, કોઈ વિપ્લવ કહે છે, તો કોઈ ભારતનો પ્રથમ સ્વાતંત્ર્યસંગ્રામ. આ ''૧૮૫૭નાં વિપ્લવ'' સમયે અમુક પ્રદેશો અને રાજા-રજવાડાં તેમાં જોડાયા, કેટલાક તેમાંથી બાકાત રહ્યા, કેટલાકે તો બ્રિટિશરોનો સાથ આપ્યો. આ વિપ્લવ થવા પાછળ બ્રિટિશરોની રાજકીય, સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક નીતિ જવાબદાર હતી. આ વિપ્લવની સૌથી વધુ અસર દિલ્હી, કાનપુર, ઝાંસી, લખનૌ, જગદીશપુર અને બિહાર જેવા પ્રદેશોમાં થઈ હતી. ગુજરાતમાં તેની ઠીક ઠીક અસર રહી હતી.

૧૮૫૭નાં વિપ્લવ વિશે ગુજરાતનાં સંદર્ભે ઘણાં ઓછાં પુસ્તકો લખાયા છે. સંદર્ભસૂચિમાં આપેલા પુસ્તકોનો અભ્યાસ કરતાં જણાય છે કે, આ બધા પુસ્તકોમાં ગુજરાતનાં ૧૮૫૭ના વિપ્લવમાં યોગદાનની વાત આવે છે, પણ તેમાં વડોદરાની માહિતી જૂજ છે. વિષ્ણુ પંડ્યા તેમના પુસ્તકમાં વડોદરાની વાત કરે છે, પરંતુ તે અધૂરી અને ઘણી જગ્યાએ તૂટક તૂટક લાગે છે. મહાશોધ નિબંધમાં ગુજરાતનાં મુખ્ય પાંચ પ્રદેશો પર ધ્યાન આપવામાં આવ્યું છે, અમદાવાદ, પંચમહાલ, ભરૂચ, સુરત, અને ખેડા. જયારે વડોદરાને બ્રિટિશ સરકાર સાથે મળીને આ વિપ્લવને દબાવવાના કાર્યોમાં સહભાગી સમજીને તેની અવગણના કરવામાં આવી છે. આ સંશોધન લેખનો હેતુ વડોદરા અને ગાયકવાડ તથા ત્યાંની પ્રજાએ આ વિપ્લવમાં આપેલ સહયોગ પર પ્રકાશ પાડવાનો છે.

Source Material for a History of the Freedom Movement in India (Collected from Bombay Government Records) Vol. I ૧૮૧૮-૧૮૮૫માં પૃષ્ઠ ૨૨૫થી ૨૩૧ સુધી Baroda during the Mutiny, ૧૮૫૭ વિશેનાં સરકારી પત્રો અને અન્ય સામગ્રીનું સંકલન કરવામાં આવ્યું છે. આ સંશોધન લેખ માટે પ્રાથમિક સ્રોત તરીકે તેનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

૧૮૫૬ થી ૧૮૭૦ સુધી વડોદરાનાં મહારાજા ગાયકવાડ ખંડેરાવ દ્વિતીય રહ્યા હતા. ૧૮૫૭માં વડોદરાનાં બ્રિટિશ રેસિડેન્ટ સર આર. શેક્સપિયર હતા, જયારે વડોદરાના બ્રિગેડીયર મેજર ક્રાફર્ડ હતા.

સુરતના સુપ્રીટેન્ડન્ટ ઓફ પોલીસ દ્વારા ૧૦ જુલાઈ, ૧૮૫૭નાં રોજ વડોદરાનાં બ્રિગેડીયર મેજર ક્રાફર્ડને મોકલવામાં આવેલ પત્રમાં તેઓ કહે છે કે, ''મને ખાતરી છે કે વડોદરાના બધા મુસ્લિમ સરદારો અને તેમના અનુયાયીઓ બળવાથી વાકેફ છે, અને તેઓ તેમાં જોડાશે અને સંભવતઃ ગાયકવાડ પોતે પણ તેમને ટેકો આપશે. મરાઠા રાજ્યોના ગ્વાલિયર અને ઇન્દોરને અનુસરીને કામ કરશે. મારું માનવું છે કે ષડયંત્રનાં નેતા ગાયકવાડના હિન્દુસ્તાની મુનશી, આરબોનો બલૂચી જમાદાર, અને નવાબ સરફરાઝ અલી વગેરે છે.'' આ પત્રમાં કેટલું તથ્ય છે તે કહેવું મુશ્કેલ છે, પરંતુ એના દ્વારા અંગ્રેજો અને ગાયકવાડ વચ્ચેનાં સંબંધોનો કાંઈક ખ્યાલ આવે છે. આ અને અમુક બીજા પત્રો પરથી કહી શકાય છે કે, બ્રિટિશરોમાં વડોદરાનાં ગાયકવાડ પ્રત્યે અવિશ્વાસ હતો.

રત્નાગીરીમાં મહારાજા ગાયકવાડે નવા કર લાગુ કર્યા હતા. રત્નાગીરીનાં કલેકટર મુજબ, ''ગાયકવાડ આપણને (બ્રિટિશરોને) મદદ કરવાના નામે આ નવા કર વસૂલી રહ્યા હોવાનું કહે છે. પરંતુ વાસ્તવમાં એનો ઉપયોગ તેઓ આપણી વિરુદ્ધમાં કરશે. અને તે માટે ભીલ અને કોળીઓ સાથે મદદનાં કરાર પણ કર્યા છે.'' મતલબ કે આ નવા કરથી મેળવેલા ધનનો ઉપયોગ બ્રિટિશરો વિરુદ્ધ વિપ્લવકારોને મદદ કરવા અને શસ્ત્ર-સરંજામ પૂરા પાડવા માટે

 ISSN 0976-9609

કરશે. અને આ માટે ભીલ અને કોળી પ્રજા સાથે પણ મહારાજા ગાયકવાડ દ્વારા સાંઠગાંઠ કરવામાં આવી હતી, એવી શંકા બ્રિટિશરોએ વ્યક્ત કરી હતી.

ગુજરાતમાં ૧૮૫૭ના વિપ્લવકારીઓને વડોદરા અને ગાયકવાડની મદદની આશા હતી, પરંતુ મદદ ન મળતાં અમુક વિપ્લવકારીઓએ મહારાજા ખંડેરાવ ગાયકવાડને પદભ્રષ્ટ કરવાનું કાવતરું રચ્યું હતું. તેમાં મુખ્ય હતા ગોવિંદરાવ ઉર્ફે બાપુ ગાયકવાડ. તેઓ ખંડેરાવના સાવકા ભાઈ હતા. પરંતુ તે જ્યારે અમદાવાદમાં છુપાયેલા હતા ત્યારે તેમના જ એક સાથીએ આ વાતની બાતમી ગાયકવાડને આપી દીધી. મહારાજા ગાયકવાડના સૈનિકો દ્વારા ગોવિંદરાવને પકડીને વડોદરા લઈ જવામાં આવ્યા હતા.

વડોદરાના મગનલાલ નામના વાણિયાએ તારંગાની ટેકરીઓમાં રહી ઘોડા ખરીદવા અને માણસોને તેની સાથે જોડાવાનું શરૂ કર્યું. પછી તે લગભગ ૧૦૦ માણસો અને ૩૦ ઘોડાઓ સાથે વડનગર પહોંચ્યો. તે તેના દળની સંખ્યા વધારી રહ્યો હતો. તેની પાસે ટૂંક સમયમાં જ લગભગ ૨૦૦૦ માણસો અને ૧૫૦ ઘોડા થઈ ગયા હતા. ત્યાંથી તે માણસા તરફ આગળ વધ્યો, જંગલોમાં છાવણી નાખી. ત્યાં નજીકમાં આવેલા લોદરા ગામમાં તેણે ભોજન માટે સામગ્રી મેળવવા માણસો મોકલ્યા. ગામનાં લોકોએ તેમની માંગણીનો પ્રતિકાર કર્યો તેથી લડાઈ થઈ. જેમાં ગામડાના બે લોકો માર્યા ગયા અને ચાર ઘાયલ થયા. સાબરમતીના કિનારે આવેલા ગામ ઇન્દ્રોસી (Endrosee) (ગામનું નામ સ્પષ્ટ નથી) કબજે કર્યા પછી સાદરા પર પણ હુમલો કરીને અમદાવાદ પર પણ કબજો જમવાની તેની ધારણા હતી, એવી બાતમી મળતાં આ બન્ને સ્થળોએ પોલીસ ટુકડીઓ મોકલવામાં આવી હતી. મેજર અગર પોતે ૧૦૦ કોળી પોલીસ અને ૧૦૦ હુસૈનખાન સૈનિકો સાથે તેનો સામનો કરવા માટે સાદરા તરફ કૂચ કરી, પરંતુ મગનલાલના મોટાભાગના સાથીઓ તેને માણસાની આસપાસ જ છોડી દઈને વિખેરાઈ ગયા હતા. મગનલાલ પોતે ઉત્તર તરફ ભાગી ગયો. તેને અને તેના ૧૧ સાથીદારોને ગાયકવાડ થાણા સમૌ (સમાઉ) આગળ પકડી, કડી લઈ જવામાં આવ્યા હતા. ૧૮૫૭ના કાયદા ૧૪ હેઠળ, જનરલ રોબર્ટ્સ અને અમદાવાદના કલેક્ટર હેડો દ્વારા તેમના પર કેસ ચલાવવામાં આવ્યો હતો. તેમાંથી ત્રણને બંદૂકોથી ઉડાવી દેવામાં આવ્યા હતા, ત્રણને ફાંસી આપવામાં આવી હતી અને બાકીનાને આજીવન કેદ માટે લઈ જવામાં આવ્યા હતા.

વડોદરાના સેઠ નિહાલચંદ ઝવેરીને પોલીસ દ્વારા પકડવામાં આવ્યો ત્યારે તેણે કબૂલ કર્યું કે, મહી કાંઠાનાં કોળી લોકોને વિપ્લવ માટે એકત્ર કરવાનું કામ તેનું હતું. ૧૯ નવેમ્બર, ૧૮૫૭નાં રોજ આ વાતની જાણ વડોદરાના રેસિડેન્ટ સર આર. શેકસપિયર દ્વારા બોમ્બે સરકારને આપતા પત્ર લખવામાં આવ્યો. જેમાં તે લખે છે કે, ''ગોવિંદરાવ ગાયકવાડનો બનેવી/સાળો વડોદરા આવી બજારમાં ઘર રાખી રોકાયો, અને ત્યાંથી જ મગનલાલ અને નિહાલચંદ સાથે બળવાની કામગીરી કરી રહ્યો હતો.'' ગોવિંદરાવ ગાયકવાડનો બનેવી/સાળો, મગનલાલ, બજારનાં ઘરનાં માલિક અને નિહાલચંદને પકડીને અમદાવાદ કેદ કરવામાં આવ્યા. આ ષડયંત્રની તપાસ કરવાનું કામ જનરલ રોબર્ટ્સને સોંપવામાં આવ્યું હતું. ગોવિંદરાવ ગાયકવાડ જાતે આ ષડયંત્રમાં શામેલ હોવાનો કે આ વિષે કોઈ પણ જાણકારી હોવાનો દાવો નકારી કાઢ્યો. પરંતુ તેના બનેવી/સાળા અને નિહાલચંદ પાસેથી વધુ વિગતો મેળવી તેની તપાસ કરવામાં આવી અને શકની બીના પર ગોવિંદરાવને અંગ્રેજોએ વડોદરાની જેલમાં જ રાખ્યા હતા.

મહી કાંઠાનાં પોલિટિકલ એજન્ટ મેજર વ્હાઇટલોકે ૨૪ સપ્ટેમ્બર, ૧૮૫૭ ના રોજ પત્ર લખી મુંબઈ સરકારને જાણ કરી હતી કે, ''ચાંડુપના કોલી ગામમાં ૧૬મી તારીખે ગંભીર અશાંતિ સર્જાઈ હતી, અહીંથી ઈડર ગામ નજીકમાં હતું. ચાંડુપ અને ઈડર પાસેથી ગાયકવાડને વાર્ષિક કર આપવામાં આવતો

હતો. ૧૮મી એ માહિતી મળી કે ચાંડુપ ખાતે સરકારી થાણા પર હુમલો થયો હતો અને ત્યાંના દસ ઘોડેસવારોમાંથી એક માર્યો ગયો હતો અને બે ઘાયલ થયા હતા.'' જે પ્રદેશ ગાયકવાડને કર આપતો હોય તે પ્રદેશ ગાયકવાડી હિસ્સો જ હશે એમ માનવાને કોઈ શંકા નથી. આ જાણકારી પરથી કહી શકાય કે, ગાયકવાડી પ્રદેશે પણ વિપ્લવમાં સશસ્ત્ર ભાગ લીધો હતો. પોલિટિકલ એજન્ટ મુજબ ગાયકવાડના પરગણાં ડભોડાનાં ગામ ખેરાલુના લોકોએ ચાંડુપનાં લોકો સાથે સાંઠગાંઠ કરીને તેમને મોટા પ્રમાણમાં શસ્ત્રો અને દારૂગોળો પૂરો પાડ્યો હતો. પોલિટિકલ એજન્ટ એવું માનતો હતો કે, ''ડભોડાના ગ્રામજનો આ અશાંતિ માટે ઉશ્કેરણીજનક અને જવાબદાર હતા.''

૨૮ સપ્ટેમ્બર, ૧૮૫૭ના રોજ કુરીના લોકોને ગાયકવાડની સરકારે એક જાહેરનામું બહાર પડી સૂચના આપી કે ''મહીકાંઠા હેઠળના ચાંડુપ ગામમાં લોકોએ ભેગા મળીને ૧૬મી તારીખે ત્યાંના થાણા પર હુમલો કર્યો જ્યાં ગાયકવાડના એક માણસનું મૃત્યુ થયું, બે ઘાયલ થયા અને કેટલીય મિલકત લૂંટાઈ ગઈ. ચાંડુપનાં લોકોએ ખૂબ જ અયોગ્ય વર્તન કર્યું હોવાથી, કુરીના લોકોને આદેશ આપવામાં આવે છે કે કોઈ પણ વ્યક્તિ તેમની સાથે જોડાશે નહીં, કે તેમને બંદૂકો, શસ્ત્રો અથવા અન્ય દારૂગોળો પૂરા પાડવામાં અથવા તેમના માટે ખોરાક પહોંચાડવામાં કોઈ મદદ કરશે નહીં. જો કોઈ વ્યક્તિ ચાંડુપ કેસમાં દોષિત ઠરશે, તો તેને પકડીને મહીકાંઠાનાં પોલિટિકલ એજન્ટ પાસે મોકલવામાં આવશે, અને તેના પર કાયદા મુજબ કેસ ચલાવવામાં આવશે. તેમને મદદ કરનારને સજા કરવામાં આવશે અને તેમની જાગીર જપ્ત કરી લેવામાં આવશે.'' મેજર કોર્મેક દ્વારા જણાવવામાં આવ્યું કે ૧૬ સપ્ટેમ્બર, ૧૮૫૭ પહેલા આવી કોઈ ઘટના અહીં બની ન હતી. પરંતુ છેલ્લાં કેટલાક સમયથી ગાયકવાડનું જે થાણું ચાંડુપમાં રાખવામાં આવ્યું હતું તેનાંથી ત્યાંના ગ્રામજનો નાખુશ હતા. ૧૮૫૭નાં વિપ્લવમાંથી પ્રેરણા લઈને તેમણે અહીં હુમલો કરવાનું વિચાર્યું હોય એ સંભવ છે.

૧૮૫૮ આવતા સુધીમાં ૧૮૫૭ના વિપ્લવના લીધે ગુજરાતમાં પણ લોકોનાં શસ્ત્રો છીનવી લેવાની પ્રક્રિયા શરૂ થઈ. તેમાં ગુજરાતનાં ખેડાનો સમાવેશ થતો હતો. સાથે અમુક ગામોને આખા ધ્વસ્ત કરવામાં આવ્યા હતા. જેમકે, લલ્લા, ખાનપુર, કનારીયા અને ગાયકવાડી ગામ ડભોડા.

ડભોડાનાં ગ્રામજનોએ શસ્ત્રો ત્યાગ કરવાની ના પાડી દીધી હતી. તેમના કહ્યા મુજબ ''મુંડેટી ઠાકોરના એક ગામ સાથે તેમનો પુરાણો ઝઘડો છે અને જો તેઓ શસ્ત્રો છોડી દે તો તેમને સૂરજમલ (મુંડેટીના ઠાકોર) તરફથી જીવનું જોખમ પણ રહેશે. તેથી જો પોલિટિકલ એજન્ટ બન્ને પક્ષો વચ્ચે સમાધાન કરાવી આપે તો તેઓ શસ્ત્રો સોંપી દેવા તૈયાર થાય.'' આ અરજને મેજર વ્હાઇટલોકે માન્ય રાખી નહીં. ગ્રામજનોને બિનશરતી શસ્ત્રો સોંપવાનો આદેશ આપવામાં આવ્યો.

મહીકાંઠાના પોલિટિકલ એજન્ટ મેજર વ્હાઇટલોક દ્વારા સર આર. શેકસપિયરને લખેલા ૧૮૫૮ના પત્ર મુજબ, ડભોડાનાં થાનદાર પાસે ગ્રામજનોએ ધમકીભર્યો સંદેશ મોકલાવ્યો હતો. સંદેશ મુજબ ''મુંડેટીના ઠાકોર સાથેના તેમના ઝઘડાના સમાધાન સિવાય તેઓ કોઈ પણ શરતે શસ્ત્રોનો ત્યાગ નહીં કરે, અને જો સરકાર તેમના ગામને બાળી નાખવાનું પસંદ કરે તો તેઓ આસપાસના પ્રદેશોને લૂંટવાનું શરૂ કરશે.'' સાથે સાથે ગ્રામજનોએ અચાનક હુમલાની પણ તૈયારીઓ રાખી હતી. અને બન્યું પણ એવું. સરકારી સૈનિકો દ્વારા અચાનક હુમલો થયો. પરંતુ ગ્રામજનો પહેલેથી તૈયાર હતા. સરકારી દળોના આગમનની બાતમી મળતાં જ ગામ ખાલી કરી દીધું. ત્યારબાદ સરકારી દળો દ્વારા ગામના ૮૦૦ ઘરોને બાળી નાખવામાં આવ્યા. આ રીતે ગાયકવાડી પરગણાએ બ્રિટિશરોની નિશસ્ત્રીકરણની નીતિ સામે લડત આપી.


ISSN 0976-9609

વડોદરા સ્ટેટ ગેઝીટીયરમાં ગોવિંદભાઈ દેસાઈ લખે છે કે, ''આ સમયે વહોરાઓ ધોળા દિવસે વડોદરાની શેરીઓમાં ખૂન કરી રહ્યા હતા. મહારાજા ખંડેરાવના ભાઈ મલ્હારરાવ તેમને પદભ્રષ્ટ કરવાનું ષડયંત્ર કરી રહ્યા હતા. ઓખામંડળનાં વાઘેરોએ તો ગાયકવાડી શાસન સામે બંડ પોકાર્યું હતું.'' (પૃષ્ઠ ૫૮૭). અહીં વહોરાઓ દ્વારા થયેલી હિંસા વિશે કેટલું સત્ય છે તે કહેવું મુશ્કેલ છે, કારણ કે અન્ય કોઈ પણ ગ્રંથમાં આ બાબતની પુષ્ટિ થઈ શકી નથી.

ઓખામંડળના વાઘેરોએ ગાયકવાડી શાસનથી મુક્ત થવા આ વિપ્લવનો સહારો લીધો હતો એમ લાગે છે. જોધા માણેકના નેતૃત્વ હેઠળ ત્યાંની પ્રજાએ ઓખા અને દ્વારકામાં ગાયકવાડી અને બ્રિટિશ એમ બન્નેનાં થાણા નષ્ટ કર્યા અને પોતાની સત્તા સ્થાપી દીધી હતી. પરંતુ ગાયકવાડી અને બ્રિટિશ એમ બન્નેનાં સંયુક્ત દળોનો સામનો તેઓ કરી શક્યા નહીં. લગભગ ૧૮૬૦ સુધી નાની મોટી લડાઈઓ અહીં થતી રહી. છેવટે બ્રિટિશરોએ સમાધાન દ્વારા આ મામલો ઉકેલ્યો હતો.

આ રીતે વડોદરા ગાયકવાડી શાસન હેઠળનાં બધા જ ગામો શાંત રહ્યા હતા એમ ન હતું. કેટલાય લોકો અને અમુક ગામોએ તેમાં સક્રિય ભાગ ભજવ્યો હતો. તેમાં મગનલાલ, સેઠ નિહાલચંદ, ગોવિંદરાવ ગાયકવાડ અને જોધા માણેકનાં નામ ઉલ્લેખનીય છે. સાથે જ ચાંડુપ, ડભોડા, ખેરાલુ અને ઓખામંડળની પ્રજાએ પણ આમાં સાથ આપ્યો હતો. કદાચ બ્રિટિશરોના સીધા પ્રભુત્વ નીચે હોવાથી અહિયાં દેખીતી કોઈ મોટી ઘટના ૧૮૫૭ના વિપ્લવમાં બની નથી એવું પ્રતીત થાય છે. પરંતુ ઉપરની ચર્ચા પરથી કહી શકાય કે લોકોમાં વિપ્લવનો પડઘો તો અવશ્ય પડ્યો હતો. ઘણા એ પોતાના અને પોતાના ગામના લાભ માટે તેનો ઉપયોગ કર્યો, તો કોઈએ વિપ્લવમાં સાથ ન આપવાનો બદલો લેવા મહારાજા ગાયકવાડ સામે શસ્ત્રો ઉગામ્યા. છેવટે તો આ બધી અસર ૧૮૫૭ના વિપ્લવની જ હતી એમ કહી શકાય છે.

**સંદર્ભ ગ્રંથો :**


દેસાઈ, શાંતિલાલ. *રાષ્ટ્રનો સ્વતંત્ર્યસંગ્રામ અને ગુજરાત.* યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ૧૯૭૨.

ધારૈયા, રમણલાલ. *અઢારસો સત્તાવન (૧૮૫૭).* ગુજરાત યુનિવર્સિટી, ૧૯૭૧.

પંડ્યા, વિષ્ણુ. *વિપ્લવમાં ગુજરાત.* સમાન્તર મુદ્રણાલય, ૧૯૮૮.

Desai, Govindbhai and A.B.Clarke. *Gazetteer of the Baroda State Vol. 1.* Bombay Times Press, 1923.


**અન્ય સંદર્ભો :**


કોઠારી, રાજેશ. *૧૮૫૭માં ગુજરાતનું પ્રદાન (બ્રિટિશ ગુજરાતનાં વિશેષ સંદર્ભમાં).* મહાશોધનિબંધ. ગુજરાત યુનિવર્સિટી ઇતિહાસ વિભાગ, ૨૦૧૨.

Source Material for a History of the Freedom Movement in India (Collected from Bombay Government Records) Vol. I 1818-1885. Government of Bombay.


---


પીએચ.ડી. શોધાર્થી
ઇતિહાસ વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી
વલ્લભ વિદ્યાનગર, આણંદ
parikajrathod@gmail.com


---

**ભલે આપણે હજારોની સંપત્તિ ગુમાવી દઈએ અને**
**આપણા જીવનનું બલિદાન થઈ જાય પણ આપણે હંમેશાં હસતા રહેવું જોઈએ.**

॥ વાર્તા-આસ્વાદ ॥

## આમાંથી કોઈ પણ નહીં : 'સંજીવની સમજણરૂપી સંજીવની'

**અરુણ પરમાર**

અનુઆધુનિક યુગના મહત્ત્વના વાર્તાકાર દશરથ પરમાર પાસેથી 'પારખું' (૨૦૦૧), 'બે ઈ-મેઈલ અને સરગવો' (૨૦૧૩) અને 'દરબારગઢની બીજી મુલાકાત' (૨૦૨૩) જેવા ત્રણ વાર્તાસંગ્રહો મળ્યા છે. ઉત્તર ગુજરાતના ગ્રામજીવનથી આરંભાયેલી એમની વાર્તા યાત્રા ધીરે-ધીરે કસ્બા અને શહેર સુધી વિસ્તરી છે. એમની વાર્તાઓમાંથી પસાર થતાં ગ્રામચેતના, નારીચેતના, બદલાતી સામાજિક, ધાર્મિક, આર્થિક અને રાજકીય પરિસ્થિતિઓ, ઔદ્યોગીકરણનાં વિધાયક અને વિધ્વંસક પરિણામો, માનવમનની વિવિધ તરેહો, દલિત પાત્રોના જીવનની અસ્તિત્વ-ઓળખ માટેની જદ્દોજહદ વગેરેનાં સૂક્ષ્મ આલેખનો જોવા મળે છે. રચનારીતિના વિવિધ પ્રયોગોયુક્ત વાર્તાસંગ્રહ 'દરબારગઢની બીજી મુલાકાત'ની 'આમાંથી કોઈ પણ નહીં' નામની વાર્તાને સજાગ અને ફરજનિષ્ઠ નાગરિક સંદર્ભે તપાસવા જેવી છે.

વાર્તામાં રાજકારણીઓ દ્વારા સત્તા હાંસલ કરવા માટે ચૂંટણી પ્રચાર દરમ્યાનનાં અવિશ્વસનીય ભાષણો, પ્રજાને આપવામાં આવતાં ઠાલાં વચનો, લાલચો વગેરેની સાથોસાથ ચૂંટણીપંચ દ્વારા મતદાતાને આપવામાં આવેલા વિશેષાધિકારનો વિકલ્પ વગેરે વાનાં પૂર્ણ નિસબતથી આલેખાયાં છે. પ્રથમવાર મતાધિકારનો ઉપયોગ કરતો વાર્તાનાયક સંજીવ સાંપ્રત સમયના યુવાન, બેરોજગાર અને જાગૃત યુવકવર્ગનું પ્રતિનિધિત્વ કરતો જોવા મળે છે.

ભારે અગવડો વેઠીને એન્જિનિયરીંગનો અભ્યાસ પૂર્ણ કર્યા પછી સરકારની ભરતી પર મૂકાયેલા કાપની નીતિને લીધે નોકરી ન મળતાં સંજીવ એક પ્રાઇવેટ ફેક્ટરીમાં મહાપરાણે લેબર તરીકે ગોઠવાયો છે. આર્થિક વિપન્નતાને લીધે ભારે ભીંસ અનુભવતો સંજીવ તજ્જન્ય પારિવારિક સમસ્યાઓથી પણ સંત્રસ્ત છે. પપ્પાનું પૅન્શન બૅન્કમાં સમયસર જમા થતું નથી. લકવાગ્રસ્ત મમ્મીની દવાઓ પૂરી થઈ છે. પી.ટી.સી. થયેલી નાની બહેન માટે સ્પર્ધાત્મક પરીક્ષાની ચોપડીઓ લાવવાની છે. હૉસ્ટેલમાં રહી અભ્યાસ કરતા નાના ભાઈની કૉલેજની ફી ભરવાની બાકી છે. આ બધી સમસ્યાઓથી ઘેરાયેલો એ સરખી રીતે જમી શકતો નથી. બાર કલાક કામ કર્યા પછી શાંતિથી સૂવા પણ મળતું નથી.

મતદાન મથકના પરિવેશથી આરંભાયેલી વાર્તામાં લેખકે મતદાતા સંજીવને ત્યાં પહોંચેલો દર્શાવી વાચકના કુતૂહલને ટકાવી રાખવા વર્તમાનમાંથી અતીતમાં અને અતીતમાંથી વળી પાછા વર્તમાનમાં પરત ફરવાની વાર્તારીતિ અપનાવી છે. આ ફ્લૅશબૅક ટૅકનિકની મદદથી જ લેખક ધીરે-ધીરે સંજીવના જીવનની વિવિધ સમસ્યાઓ અને એના આંતર વિશ્વથી વાચકને અવગત કરાવે છે. મતદાનની પ્રક્રિયાથી સાવ અનભિજ્ઞ સંજીવ અન્ય મતદાતાઓની જેમ લાઈનમાં ઊભો રહી જાય છે. થોડીકવાર પછી એક મોંઘીદાટ ગાડીમાં એના મતવિસ્તારના કૉર્પોરેટર આવે છે. લાઈનમાં ઊભેલા લોકોને આંખ-આંગળીના ઈશારાથી પોતાના ઉમેદવારને મત આપવાનું સૂચવી બૂથમાં દાખલ થતાં પૂર્વે સંજીવના કાનમાં કહે છે

- ''તું તો ભાઈ પહેલીવાર મતદાન કરવા આવ્યો હશે. જોજે કોઈ ભૂલ ન થાય હોં કે..! આપણા નેતાજીને ખૂબ મોટી લીડથી જીતાડવાની જવાબદારી હવે તમારા જેવા યુવાનોની છે.''

યુવાન સંજીવની વિચારયાત્રા અહીંથી આરંભાય છે. સંજીવ આમ તો રાજકારણથી અલિપ્ત જ રહે છે. પરંતુ બે દિવસ પૂર્વે શ્રમજીવી મેદાનમાં રાજ્યના મુખ્યમંત્રીએ ભાષણ કરતી વખતે બેરોજગારીનો મુદ્દો છેડ્યો હતો. કારખાનેથી પરત ફરતા સંજીવને એ કારણસર એમાં રસ પડ્યો હતો.

 ISSN 0976-9609

મુખ્યમંત્રી કહેતા હતા કે, મારી સરકારે છેલ્લા પાંચ વર્ષમાં ત્રીસ હજાર બેરોજગાર યુવાનોને રોજગારી આપી છે. પરંતુ વિપક્ષો કહે છે કે આપણા રાજ્યમાં બેકારીનો દર ખૂબ ઊંચો છે. તમે જ કહો, મિત્રો ! આપણા રાજ્યમાં બેકારી છે ખરી ? નીચે બેસેલા યુવાનો પોકાર પાડી ઊઠે છે 'ના.' પછી નેતાજી પ્રજાને વિશ્વાસમાં લઈ પોતાના શાસન દરમ્યાન એક પણ તોફાન ન થયાની, કરફ્યૂની, દુકાળની અને ભ્રષ્ટાચારની બાબતે પ્રજા પાસે જ 'ના' પડાવવાની ચાલાકી અને ચાલબાજી કરે છે. સંજીવ જાણે છે કે, આ જ મુખ્યમંત્રી પર એકાદ વર્ષ પહેલાં બે હજાર કરોડ રૂપિયાના ગોટાળાનો આક્ષેપ થયો હતો. સગાંવહાલાંને સરકારી કૉન્ટ્રાક્ટ અપાવવા, ઉદ્યોગપતિ ઓને સસ્તા દરે વીજળી પૂરી પાડી એમની પાસેથી કરોડો રૂપિયાનું કમિશન મેળવવું વગેરે આરોપોથી બદનામ થયેલા મુખ્યમંત્રીના ચારિત્ર્ય વિશે જાણીને સંજીવ અકળામણ અનુભવે છે.

આ જ રીતે વિપક્ષના નેતા પણ બણગાં ફૂંક્યા કરે છે. ચાલીના નાકે ભાષણ દરમ્યાન પોતાનો ચૂંટણી ઢંઢેરો પ્રસ્તુત કરતાં તેઓ કહે છે કે, અમે સત્તામાં આવીશું તો ગૅસ સસ્તો કરીશું. પેટ્રોલ-ડીઝલના ભાવ ઘટાડી દઈશું. બેરોજગાર યુવાનોને ઈલેક્ટ્રોનિક ગેઝેટ્સ આપી ટૅકનિકલી સાઉન્ડ બનાવીશું. ઘરવિહોણા લોકોને મફતમાં ઘર આપીશું. વિકાસના બહાને રસ્તા પહોળા કરવા સરકાર દ્વારા ચાલતી ચાલીઓ તોડી પાડવાની પ્રવૃત્તિઓ અટકાવીશું. સંજીવની અકળામણ બેવડાય છે. આ જ વિપક્ષી નેતા પૂર્વે સંસદસભ્ય હતા, ત્યારે શહેરમાં થયેલાં કોમી રમખાણો વખતે એક વિસ્તારનાં બાવીસ જણને જીવતાં સળગાવી દેવામાં એમની શંકાસ્પદ ભૂમિકા વિશે અખબારો ગાઈ-વગાડીને કહેતા હતા. પરંતુ એમનો વાળ પણ વાંકો થયો નહોતો. સંજીવને સમજાતું નથી કે પ્રજાની યાદદાસ્ત આટલી ટૂંકી કેમ હોય છે ? સભામાં નાસ્તાનાં પડીકાં પકડીને ઊભેલા પોતાની ચાલીનાં લોકોને જોઈને એને થાય છે કે એકવાર ચૂંટાયા પછી પાંચ વર્ષ સુધી ન દેખાતા લોકોને શો અધિકાર છે  મત માગવાનો ? અને આવા અમાનવીય વૃત્તિઓ ધરાવતા લોકો માટે આપણે આપણો મતાધિકાર વેડફી દેવાનો ?

વાર્તામાં વર્તમાનની ક્ષણે પોતાનો નંબર આવતાં મતકુટિર પાસે પહોંચેલો સંજીવ વળી પાછો વિચારે ચડે છે. બૅલેટ યુનિટ સામે જોતાં એને અચાનક સ્મરણ થાય છે કે ગઈકાલે મોડી રાત્રે પોતાની ઓરડીએ આવેલા આ વિસ્તારના કૉર્પોરેટર, ચાલીના બે-ત્રણ આગેવાનો સાથે માન-સન્માનના નામે મત દીઠ પાંચસો રૂપિયા વહેંચતા હતા. સંજીવને હતું કે ચૂંટણીપંચ વર્તમાનપત્રોમાં મોટી જાહેરાતો દ્વારા આગ્રહપૂર્વક કહે છે કે તમારો મત પવિત્ર અને કિમતી છે. કોઈની શેહશરમ કે લાલચમાં આવ્યા વિના નિર્ભિક રીતે મતદાન કરો. પંચની આ વાતને આધાર માની સંજીવ પૈસા લેવાનો ઈન્કાર કરે છે.

''અરે કેટલી વાર ? ઝડપ કર ને, ભાઈ ? હજી તો લાંબી લાઈન છે.'' પોલિંગ સ્ટાફનાં બહેનની ઉઘરાણીથી સતર્ક થયેલો સંજીવ બૅલેટ યુનિટ પર ચોંટાડેલાં નામ અને નિશાનો સામે એકધારું તાકી રહે છે. એને અનુભવાય છે કે એમાંથી એક પછી એક ચહેરા આળસ મરડીને ઊભા થાય છે અને એનો હાથ ખેંચી, પકડીને પોતાના નિશાન સામેનું બટન દબાવવા એને મજબૂર કરી રહ્યા છે. પોતે જાણે જંગલમાં માર્ગ ભૂલેલું કોઈ ગભરુ હરણ છે અને ચોતરફ તીરકામઠાં લઈને એને હણવા આતુર પારધીઓ. હવે કરવું શું ? અચાનક ચારેક દિવસ પૂર્વે એણે અખબારમાં વાંચેલું તે સાંભરી આવે છે. ચૂંટણી પંચે કૉર્ટના ચુકાદાને આધીન રહીને બૅલેટ યુનિટમાં છેલ્લે એક વધારાનું બટન મૂકાવ્યું હતું. ધારો કે તમે રાજનીતિક વ્યવસ્થાથી અસંતુષ્ટ છો અને કોઈ પણ ઉમેદવાર તમને પસંદ નથી તો NOTA અર્થાત્ આમાંથી કોઈ પણ નહીં નામનું બટન દબાવી શકો છો. એનો અર્થ એ છે કે મતદાન સિવાય તમારી પાસે એક વિકલ્પ છે. એનો ઉપયોગ કરવાથી તમે તમારો ગુપ્ત મતાધિકાર પણ

ભોગવ્યો ગણાશે. લોકતાંત્રિક વ્યવસ્થામાં પંચ દ્વારા વ્યક્તિને અપાયેલો આ એક વિશેષ અધિકાર છે. સંજીવ ઉત્સાહમાં આવી ફટાફટ નજર નીચે દોડાવી છેલ્લું NOTAનું બટન જૂએ છે અને બીજી જ પળે એના પર આંગળી મૂકી જોરથી દબાવે છે. આખાય રૂમમાં ઘૂમરીઓ લેતા બી..ઈ..ઈ...પ.. અવાજમાંથી એને અનુભવાય છે કે એના મનનો સઘળો ભાર હટી ગયો છે. પરિતુષ્ટિનો ભાવ અનુભવતો એ ડોલતો-ડોલતો મતદાન મથકની બહાર નીકળે ત્યાં વાર્તા પૂર્ણ થાય છે.

આમ, એક પ્રકારની અવઢવ સાથે સંજીવનો મતદાન મથકમાં થતો પ્રવેશ અને અંતે પોતાના અંતરાત્માને અનુસરી મુક્ત મને એ બહાર નીકળે, એવી રચનારીતિ દ્વારા વાર્તાનું એક વર્તુળ રચીને લેખકે સર્જકપ્રતિભાનાં દર્શન કરાવ્યાં છે. સરળ કથનશૈલીએ કહેવાયેલી આ વાર્તામાં લેખકે બે નેતાઓનાં પરસ્પર વિરોધી ભાષણો અને ભૂતકાલીન વાસ્તવિક સ્થિતિઓની સંનિધિ રચીને પાત્રની વૈચારિક ઉથલપાથલ દર્શાવી છે. કથક સંજીવના મનોજગતના નિરૂપણની સાથે સાથે રાજનેતાઓની અવાસ્તવિક વાતોમાં આવીને ભરમાઈ જતી પ્રજાના માનસ અને લોકતંત્રમાં રહેલી ખામીઓ પર પણ હળવો કટાક્ષ કર્યો છે. આ સ્થિતિમાં સુજ્ઞ ભાવકને હિન્દી કવિ ધૂમિલની 'रोटी और संसद' કે કેદારનાથ સિંહની 'मतदान केन्द्र पर झपकी' રચનાઓનું ચોક્કસ સ્મરણ થઈ આવે. પહેલી વખત મતદાન કરવા જઈ રહેલા સંજીવ જેવા અદના નાગરિકની સજાગતાની સાથોસાથ એની વિચારધારામાંથી નિષ્પન્ન થયેલી વેદના પણ આપણે અનુભવી શકીએ છીએ.

સંજીવના પાત્ર દ્વારા લેખકે કવિ ઉમાશંકર જોશીની કવિતા 'દેશ તો આઝાદ થાતાં થઈ ગયો, તેં શું કર્યું ?' - એવો પ્રશ્ન સમગ્ર સમાજને પૂછ્યો છે. સામાન્ય જનતાને વૉટબૅન્ક સમજતા અને એમને ભ્રમજાળમાં ફસાવી સત્તા પર કબજો કરી લેતા સત્તાધીશો નિષ્ઠા અને કર્તવ્યભાન ભૂલીને સત્તાના નશામાં ચૂર રહે છે, તે બાબત સાંકેતિક રીતે દર્શાવીને લેખકે સામાજિક નિસબત દર્શાવી છે.

વાર્તાન્તે મતકુટિરમાં ઊભેલા કથાનાયક સંજીવના મનોવ્યાપારો અને NOTAનું બટન દબાવી હળવાશ અનુભવવાની એની પ્રતિક્રિયા પાછળ બે કારણો છે. એક તો ચૂંટણી પ્રચાર દરમ્યાન રાજકીય પક્ષો દ્વારા કરવામાં આવેલી હકીકતથી વેગળી વાતો અને ઠાલા વાયદાઓની તાટસ્થ્યપૂર્ણ અસ્વીકૃતિ. અને બીજું, ચૂંટણીપંચની આચારસંહિતાને મજાક સમજી, એને ઘોળીને પી ગયેલા રાજકીય પક્ષો પ્રત્યેનો અશબ્દ આક્રોશ. એક અદનો નાગરિક સત્તા સામે પ્રત્યક્ષપણે બાથ ભીડી શકતો નથી. એ સંદર્ભે NOTA નું બટન ભ્રષ્ટ રાજકીય વ્યક્તિઓ કે પક્ષો પ્રત્યે ગુસ્સો અભિવ્યક્ત કરવા માટે એક મહત્ત્વનું સાધન બની રહે છે. એક વેદનશીલ મતદાતા આવા સૂક્ષ્મ પ્રતિરોધાત્મક અને અહિંસક અભિગમ દ્વારા પોતાની જાતને આત્મવંચનામાંથી ઉગારી લોકશાહી મૂલ્યોની સંસ્થાપના કરવામાં અગત્યની ભૂમિકા ભજવી શકે છે.

વાર્તારંભે કથક જણાવે છે એમ ચૂંટણીપંચે જાહેરાત કરી છે કે મે મહિનાની ગરમીના દિવસો હોવાથી મતદાન મથકે કામચલાઉ શેડની વ્યવસ્થા કરવામાં આવશે. ઠંડા પાણીની માટલી લઈને એક માણસ પણ ઊભો રહેશે; જેનો ઉદ્દેશ મતદારોને કોઈ જાતની તકલીફ પડવી ન જોઈએ એવો છે. પરંતુ વાસ્તવિક દશ્ય કંઈક અલગ જ છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓથી માંડીને લોકસભાની ચૂંટણીઓમાં આવી જ કડવી વાસ્તવિકતા અનુભવવા મળે છે. તંત્રની વિફળતાની આવી સ્થિતિમાં કથાનાયક સંજીવ એક જાગૃત નાગરિક તરીકે પોતાના મનનો અવાજ સાંભળી તે પ્રમાણેનું આચરણ કરે, એમાં એના પાત્રની ગરિમા દેખાઈ આવે છે. નાયકનું નામ સંજીવ રાખવા પાછળ પણ લેખકનો ઉદ્દેશ સ્પષ્ટ છે. ભગવદ્ગોમંડલમાં સંજીવની સ્ત્રીલિંગ શબ્દ છે; જેનો અર્થ છે - મરેલાને જીવાડે એવી ઔષધિ; મૂએલાંને જીવતું કરનારી દવા;


ISSN 0976-9609

ફરીથી જીવન આપે કે જીવ લાવે એવી વિદ્યા. અહીં દ્વિધાગ્રસ્ત નાયક સંજીવને ચૂંટણીપંચ દ્વારા NOTAરૂપી સંજીવની પ્રાપ્ત થઈ છે. વાર્તાકારે સંજીવના આ ક્રિયાત્મક આવેગના બહાને એક સજાગ નાગરિકની રાષ્ટ્રનિષ્ઠાને સંપૂર્ણ કલાસંયમ સાથે અભિવ્યક્ત કરી છે. આવા અનોખા વિષયની વાર્તા માટે લેખકને અભિનંદન.

(સંદર્ભ : 'દરબારગઢની બીજી મુલાકાત' વાર્તાસંગ્રહ, લે. દશરથ પરમાર, પ્ર.આ. ૨૦૨૩, પ્રકા. ડિવાઈન પબ્લિકેશન્સ, અમદાવાદ, પૃષ્ઠ ૨૩૨, મૂલ્ય ૩૦૦/)

**લેખક સંપર્ક :**
arunkumarparmar7500@gmail.com
(મો) ૭૦૯૬૨૮૬૪૬૧

## ।। વિદ્યાવૃત્ત ।।

### ઈન્દુકાકા ઈપ્કોવાલા કૉલેજ ઓફ ફાર્મસી

'ફાર્મા ૫.૦ ભવિષ્યના આરોગ્યસંભાળ માટે AI અને ટકાઉ નવીનતાઓ' વિષય પર બે દિવસીય આંતરરાષ્ટ્રીય પરિષદ Two Days International Conference on 'Pharma 5.0: AI & Sustainable Innovations for Future Healthcare' ડૉ. ઉસ્માનગણી છાલોટિયા ડૉ. હેતાબેન કાછિયા ડૉ. જીનલ ટંડેલ ૨૭-૦૩-૨૦૨૬ અને ૨૮-૦૩-૨૦૨૬ આંતરરાષ્ટ્રીય : આ આંતરરાષ્ટ્રીય પરિષદનો ઉદ્દેશ્ય ફાર્માસ્યુટિકલ સાયન્સ અને હેલ્થકેર સિસ્ટમ્સને આગળ વધારવામાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) અને ટકાઉ નવીનતાઓની પરિવર્તનકારી ભૂમિકાનું અન્વેષણ કરવાનો હતો.

આ કાર્યક્રમ ગુજરાત સરકારના GUJCOST / DST દ્વારા પ્રાયોજિત અને સન ફાર્મા, એન્ક્રોમ એન્ટર પ્રાઇઝ, GFPS, લક્ષ ફિનેકેમ અને CVMU દ્વારા સહ-પ્રાયોજિત હતો. ઉદઘાટન સત્રમાં મુખ્ય મહેમાન ડૉ.ઇન્દ્રજીત પટેલ, વાઇસ ચાન્સેલર (પ્રોવોસ્ટ), ધ ચારુતર વિદ્યામંડળ (CVM) યુનિવર્સિટી અને ગેસ્ટ ઓફ ઓનર, ડૉ.મુરલીધર ઝોપે, એસોસિયેટ વાઇસ પ્રેસિડેન્ટ, સન ફાર્મા દ્વારા કુલ ૬ નિષ્ણાત સત્રો યોજવામાં આવ્યા હતા. નિષ્ણાત ન્યાયાધીશો દ્વારા ઓનલાઈન અને ઓફલાઈન મોડમાં ગોઠવાયેલા પોસ્ટર પ્રેઝન્ટેશનનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન ડૉ.તેજલ સોની, ડીન, ફાર્મસી ફેકલ્ટી, DDU અને ગેસ્ટ ઓફ ઓનર શ્રી હાર્દિક ભટ્ટ, મેનેજર, એનાલિટીકલ ડેવલપમેન્ટ અને CSR લીડ, સન ફાર્મા રિસર્ચ સેન્ટર, (R&D) વડોદરાની વિદાય સમારોહમાં મૂલ્યવાન હાજરી પ્રતિનિધિઓને પ્રેરણા અને પ્રોત્સાહન આપે છે. કન્વીનર ડૉ. ઉસ્માનગણી છલોટિયા, કો-ઓર્ડિનેટર ડૉ. હેતા કાછિયા અને ડૉ. જીનલ ટંડેલ, પ્રિન્સિપાલ ડૉ.દિમલ શાહ, સમગ્ર IICP સ્ટાફ ટીમ અને વિદ્યાર્થી સ્વયંસેવકોના માર્ગદર્શન હેઠળ આંતરરાષ્ટ્રીય પરિષદનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

આ પરિષદમાં ૯૮ વિદ્યાર્થીઓ અને ૨૨ શિક્ષકોએ ભાગ લીધો હતો.

ફાર્માસ્યુટિકલ રસાયણશાસ્ત્ર, ફાર્માકોગ્નોસી/ફાર્માસ્યુટિકલ અને ફાર્માસ્યુટિક્સમાં પોસ્ટર પ્રેઝન્ટેશન (ક્રમ ૧, ૨ અને ૩) ના વિજેતાઓને પ્રમાણપત્રો અને રોકડ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા.

આ કાર્યક્રમ ગુજરાત સરકારના GUJ COST/DST દ્વારા પ્રાયોજિત અને સન ફાર્મા, એન્ક્રોમ એન્ટરપ્રાઇઝ, GFPS, લક્ષ ફિનેકેમ અને CVMU દ્વારા સહ-પ્રાયોજિત કરવામાં આવ્યો હતો.

## ।। વાર્તા ।।

## નહિ જેવી વાત

ગોરધન ભેસાણિયા

કરશનભાઈ સમી સાંજથી ખાટલામાં પડખાં ઘસતા હતા. પણ ઊંઘ આજે વેરણ થઈ હતી. રહી રહીને એક જ વિચાર એને પજવતો હોત. દીકરી સાસરે જવાની ના પાડે પછી એનો બાપ એને સમજાવવાને બદલે ઊલટું એનું પડખું તાણે ? - ''કેવો સમય આવ્યો છે ! દીકરી પાછી આવે એનો બાપ શરમથી નીચું જોઈ જાતો એને બદલે આણે તો ઝગડવાની તૈયારી કરી !''

જાત સાથે તેઓ ઝગડો કરતા હતા કીરણ સવારે બાથરૂમમાં હશે ને મનીષે કીરણનો ફોન જોયા હશે. પછી પૂછ્યું કે-આ અજાણ્યો નંબર કોનો છે ? બસ, આટલી વાત ને થઈ રહ્યું ! કીરણે આખું ઘર માથે લીધું: 'તમારાથી મારો ફોન જોવાય જ કેમ ?' બપોર પહેલા તો થેલો પેક કરીને એનાં માવતરે પૂગી ગઈ. રીસાવાનું બહાનું જ શોધતી હશે ?! આ વાતને આ વિગત છ મહિનાથી પિયરમાં પગ ભેરવીને બેઠી છે. ત્રણ-ચાર વખત મનીષ તેડવા ગયો પણ નો આવી એટલે મને થયું કે હું અને મનીષની બા જઈને કીરણને સમજાવીએ. પણ કીરણ કરતાય એનો માપ સાવ અણસમજુ નીકળ્યો, કે પછી જાણી જોઈને અમને હેરાન કરવાના અ ત્રાગાં હોય; કેમ ખબર પડે ? અટાણે દીકરીઓની અછત છે. દીકરાઓનું સગપણ કરવામાં નવ નેજા પાણી કાપવું પડે છે. એટલે દીકરીઓ અને એનાં માવતર આવા તાયફા કરે છે. નકર પહેલાં તો ઘણે ઠેકાણે વહુ માથે સાસરિયાઓ પસ્તાળ પાડતા. દીકરી માવતરને વાત કરે તોય માવતર દીકરીને સમજાવીને સાસરે મોકલી દેતાં. અને આંય તો વેવાઈએ ઊલટાનાં લૂંગડાં લીધાં !''

ટમટમિયાનાં ઝાંખાં અજવાળે ઉઘાડી આંખે ખાટલામાં ગોથાં મારતા કરશનભાઈને પોતાની જ વાત યાદ આવી ગઈ, 'મારે આ મનીષની બા આણું વળીને નવી નવી આવી પછી ઘણી વખત મને કહેતી: ''બાનો સ્વભાવ ટકટકિયો બવ ! હાલતાં ને ચાલતાં ટોક્યા જ કરે ! મારું તો માથું પોલું કરી નાખ્યું છે.'' મનેય એની વાત સાચી લાગે પણ મારે માવતરને કે'વું કેમ ? એટલે પછી હું થાબડભાણા કરું અને કહું: ''બા બોલે તો બોલવા દેવાય. માવતર છે તે બોલે ! આપડે એક કાનેથી સાંભળીને બીજા કાનેથી કાઢી નાખવું.'' એમાં એક દિ' બપોરે થોડોક વહેલો ઘેરે જમવા આવ્યો ડેલીમાં પગ મૂક્યો ત્યાં સાસુ-વધુની વડછડ કાને પડી એટલે નજરે ન ચડું એમ ડેલીનાં ખાનાાં ઊભો રહ્યો.

''વહુ, આવી રીતે કામ કરશો તો કોઈ દિ' રોટલા માથે ચાનકી નઈ ભાળો ! જરાક ધ્યાન દઈને કામ કરો.'' દળણું કર્યું હતું ત્યાં બાજરો વેરાયેલો હતો તે બતાવીને મારી બાએ નિરાંતથી કહ્યું હતું પણ મારે આને એ ગમ્યું નહિ. તે મોં બગાડીને બોલી: ''હવે ધ્યાન રાખશું હો ! તમે કીધું તે સારું કર્યું નકર મને તો એવી કાંઈ ખબર જ નથી પડતી.''

''ટકોર ખમાતી ન હોય એને કામમાંય કે'વું નો પડે.. સમજી ? અને હું કવ છું તોય તમારા ભલા માટે કવ છું. મારે કાંઈ ભેળું નથી બાંધી જાવું !''

''ભેળું નથી બાંધવું તો શું કરવા ઉપાધિ કરીને દુબળા પડો છો ? અમને ભૂખ લાગશે તો તમે નહિ કયો તોય ધ્યાન રાખશું.''

જવાબદારી માથે આવશે પછી તો ધ્યાન રાખશો જ. પણ પછી જે ઢાળા ઢળ્યા હોય એ સુધરે નંઈ... વહુ !'' મારાં બા સમજાવવાની કોશિશ કરતાં હતાં પણ આને ગમતું નહોતું: ''એ... સારું હો ! એક ચપટી દાણા વેરાણા એમાં તો જાણે મેં મોટું નુકશાન કરી નાખ્યું હોય એમ તમારી પારાયણ ખૂટશે નંઈ.''

''તેં તો આંય બેઠા બેઠા દળણું કરવામાં મૂઠી એક બાજરો વેર્યો છે ને કહું છું. પણ પૂછી જોજે



ISSN 0976-9609

મારા દીકરાને ! વાવણી વવાતી હોય તંઈ હાથમાં રાશ, સોટી અને બિયારણ હોય, તોય મુઠીમાંથી ઓરણી બારો પડે તો તારા સસરા ધખી ધખીને એની ધૂળ કાઢી નાખે છે. ને છતાં સામો ચુંકારોય નો થાય; એ નંઈ ખબર હોય ?'' મારી બાનો અવાજ થોડોક ઊંચો થયો એટલે આનો અવાજ વધારે ઊંચો થયોઃ ''ઈ એને બધુંય પોહાતું હશે. મારે એવું ખોટું સાંભળવાની નવરાય નથી ! આખો દિ' ભૂતની જેમ કામ ઢસડીએ ને તોય પાછાં કામમાંથી ચૂક ગોતીને ટકટક...ટકટક... કર્યા કરો ઈ મને નો ગમે, શું સમજ્યાં ?''

ભૂલ થાય તોય કે'વું નંઈ ? તું તો વળી ભાર્યે નવી નવાઈનું કામ કર્ય છો !''

''તમે છો જ એવા ! નો હોય ન્યાંથી, દૂધમાંથી પોરા ગોતો એવા.'' મારે ઈ અમા તડને ફડ, સામા જવાબ આપે છે એની તો મને ખબર જ નહોતી. મારાથી પછી ન રહેવાણું એટલે હું ફળિયામાં આવ્યો અને ડારો દીધોઃ ''એ...ય..છાની માની રે' મારે ઈ આમ તડ ને ફલ, સામા જવાબ આપે છે એની તો મને ખબર જ નહોતી. મારાથી પછી ન રહેવાણું એટલે હું ફળિયામાં આવ્યો અને ડારો દીધો.ઃ એ..ય...છાનીમાની રે' હવે ! સામી લબલબ શું કર્ય છો ?''

''કપાળ.. મારું ! બીજાું હું ?'' કપાળે હાથ પછાડતા એ બોલી ને પછી ઠૂઠવો મૂક્યોઃ ''આ ઘરમાં આવીને કોઈ સુખે રોટલો ખાઈ લેય એમ નથી.

''એટલે તને શું ગાદી-તકિયે બેસાડીને કોળિયા ભરાવીએ ?'' મેં કહ્યું.

''ગાદી-તકિયાનું કોણ કહે છે, પણ ઘડીએય નિરાંત નંઈ. કામ કરતાં કરતાંય માથે ટપલાં ખાવાનાં !'' રડતા રડતા એ ફરિયાદના સૂરે કહેવા માંડીઃ જાણે એને એકને જ બધી ખબર પડે છે. આપડી તો કાંઈ ગણતરી જ નઈ.''

બે માણસની માથાકૂટમાં પોતાની રજાદ નહિ રહે તેવું લાગ્યું હશે એટલે મારાં બા પાડોશમાં આઘાપાછાં થઈ ગયાં. એ મારી બા વિરુદ્ધ બોલવા માંડી એટલે સ્વાભાવિક જ મને ખીજ ચડીઃ ''બા બોલતા'ને તું મૂંગી મૂંગી સાંભળતી'તી કેમ ? તારે એ કે નમે કાંઈ ખબર નથી. પણ હું બધુંય સાંભળતો'તો.''

સાંભળતા'તા તે શું છે ? બોલીએ નંઈ તો તમારે બધાયને એટલું જ જોઈએ છે. દબાઈને રહું તો સારું કે ? પણ હું તો હવે બોલવાની !'' એ સમયે એને કે મને લાંબી ગીત નહિ એટલે મેં પણ કહ્યું : ''બવ ડા'પણ રેવા દે ! ક્યાંક વાંહો બાવળો થઈ જાહે.''

વાંહો બાવળો શું કામ થાય ? મને ગદરાવીને મારા બાપે મોટી કરી છે; તમે કોઈ કાંઈ તૂટી નથી ગયા !' એના બાપા અમારાથી થોડાક વધારે સુખ-સગવડવાળા એટલે એનો એને ઘમંડ. પણ મેં કહ્યું: ''બાપનો બહુ ગો હોય તો થા હાલતી. આંય તારા વિના કોઈ લૂખું નથી ખાતું. એવું બવ હોય તો સાસરે. જ નો અવાય.''

''તે તમારાથી નો સચવાતી હોઉં તો મારા બાપન ન્યાં બટકું રોટલો મળી રે'શે; કાંઈ ભૂખે મરી નંઈ જાઉં'' એ એમ જ ક્રોધમાં બોલી તે સાથે મેં પણ હુકમ કર્યોઃ ''તારો બચકો બાંધીને તૈયાર થા; હું વાડીએથી ગાડું જોડીને આવું છું. ઠેઠ તારા બાપને ઘેરે મૂકી જાઉં, પછી છે કાંઈ ? બાયડી ઊઠીને સામી લ,બ લબ કરે એનાં કરતાં તો વાંઢા રહેવું સારું ! આપડને આ પાલવે જ નંઈ, શુ સમજી !''

હું ખાધા વિના જ ગાડું જોડવા ઊપડી ગયો, પછી એકોલી પડેલી એને વિચાર થયો. એ સમય અનુસારા સમાજમાંથી સંભળાતાં અંગારા જેવા વેણ એને દઝાડવા માંડ્યાંઃ ''ખાનદાન ઘરની દીકરી બાપને ઘેરે પાછી થોડી આવે ? આ તો કજાત કે'વાય'' બીજે ઠેકાણે જાઉં તોય મલક આંગળી ચીંધેઃ ''આ તો

છાંડેલી છે; કાંઈ રાંડેલી નથી.''

અવાજ બંધ થયો એટલે મારાં બા આવજ્યાં, મને ક્યાંય ભાળ્યો નહિ ને આ બેઠી બેઠી રો'તી'તી. મારા બાનો સ્વભાવ તો ઠરેલ જ હતો. એણે મીઠાશથી પૂછ્યું: ''શું... મારી તને ? હું વળી બહાર વઈ ગઈ; મને શું ખબર કે રોયો હાથ ઉપાડશે ! ઠીક હવે છમાની રહી જા. તું..ય પાછી સામી બોલતી'તી આદમીની સામાનો બોલીએ. ઘરનું માણાહ છે; કોક દિ' હાથ ઉપાડી લેય. કેમ કરવું ?''

મારાં બાપએ એને મીઠાશથી કહ્યું. તેમની સરળતા જોઈને મનોમન તે પણ પસ્તાણી અને મોકળા મોંએ રોવા માંડી. પણ કાંઈ જવાબ ન આપી શકી. એને વધુ પડતી રડતી જોઈને મારાં બા બોલ્યાં: ''ઈ કાફર ! ઘેરે આવે એટલે એની વાત છે.'' અને પછી તેમનો હેતાળ હાથ માથે મુકીને પૂછવા માંડ્યા: ''શું થયું એ મને કે...!''

કહેવા જેવું તો કાંઈ હતું નહિ એટલે 'આ' શું કહે ? ત્યાં તો હું ગાડું લઈને આવી ગયો અને ડેલી બહારથી જ હાકલ મારી: ''હાલ્ય, બેહી જા ગાડામાં.''

''બજારમાં ઊભો ઊભો રાડ્યું શું નાખ્ય છો ? ક્યાં જાવું છે અટાણે ?'' બધી વાતથી અજાણ મારાં બાએ મને પછ્યું

બીજે ક્યાં જાય ? આને બવ પણ ચડી ગ્યું છે તે કરી દઉં એના બાપના ઘર ભેગી. અને વળી મેં કહ્યું: ''હાલ્ય, ઊભી થા ! ઉપાડ્ય તારો લબાચો, ને નાખ્ય ગાડામાં,'' પણ એ બેઠી હતી ત્યાંથી હલી નહિ. એનું રડવાનું તો ચાલુ જ હતું. એટલે મારી બા મારી માથે તાડુક્યાં: ''હવે જા... આંયથી તારું મોં લઈને ! આવ્યો છો મોટા ઉપાડે તે વાડી ભેગો થા. નો જોયો હોય મોટો કાઢી મૂકવાવાળો !''

''મારે જોઈએ જ નહિ ને આ બલા.'' ગાડામાંથી ઊતરીને હું એની તરફ ગયો; બાવડું પકડીને ઊભી કરવાનો મારો ઈરાદો કળી ગયા હોય તેમ મારાં બા મારી માથે ઉકળ્યાં: ''રોંચા, લાજતો નથી ને પાછો ગાજ્ય છો ! શરમાતો નથી ? ઘરની લખમીને જાકારો દેનારને તો કાયમ ધાનને અને દાંતને વેર થ્યાં છે... ઈ ખબર છે ? અમારાં બાયગુનાં ઉખેળામાં તું ક્યાં રહ લેવા માંડ્યો ! અમે તો રોજ, ઘડીક ધડ્ય કરીએ ને ઘડીકમાં કાંઈ નો હોય. અમારે તો આ રોજનું થયું. જા, તું તારું કામ કર્ય.''

પછી તો મનેય શરમ આવી. ગાડું પાછું લઈને વાડીએ વયો ગ્યો. ખાવું નહોતું એટલે થોડીકવાર થઈ ત્યાં મનીસની બા ભાત લઈને આવી, ''લ્યો હવે, ખાઈ લ્યો; ભૂખ નથી લાગી ?'' ઘડીકવાર પહેલા મારાં બા બોલ્યાં હતાં તેમ કાંઈનો હોય' તેમ બોલી: ''બળ્યું, મૂઈ મારો સ્વભાવ જ એવો છે. નહિ જેવી વાતમાંથી રજનું ગજ થયુ. પણ સ્વભાવના કાંઈ થોડા ઓહડ છે ? નકર પીય લેત.'' નહોતું હસવું તોય મારું મોં મલકી ગયું ને એણે ભાત છોડ્યું. પછી બેય હાર્યે ખાવા બેઠાં.

અત્યારેય કરશનભાઈનાં મોં ઉપર હાસ્ય પથરાયું ને મનમાં થયું: 'કીરણ માવતરે જઈને બેઠી છે, એમાંય નહિ જેવી જ વાત છે. મનાવવા છતાં એનું ઊંહું મટતું નથી - તારી સો વાત સાચી પણ એક મારું ઊંહું ! સ્વભાવના ઓહડ નો હોય એ.મ આ ઊહુંનાય ઓહડ નથી મળતાં. કોકને પૂછવું પડશે, કોઈ પાસે ઓહડ હોય તો કહેજો'.

---

મુ.મોરઝર, વાયા ચલાલા,
તા.ધારી. જી.અમરેલી,
પીન-૩૬૫૬૩૦ (મો) ૯૪૨૯૧૩૯૧૯૭


ISSN 0976-9609

## ।। ચિંતન-કણિકા ।।

## Shakespeare Quote :

આર. કે. માંડલિયા

**"Not that I loved caesar less but that I loved Rome more.... but as he was ambitious, I slew him."**

(William Shakespeare's Julius Caesar Act:II Scene:II)

વિલિયમ શેક્સપિયર કૃત રાજકીય નાટક જુલિયસ સિઝરનાં ત્રીજા અંકના બીજા દશ્યમાં ઉપરોક્ત પંક્તિઓ જુલિયસ સિઝરની હત્યા બાદ બ્રુટસ પોતાના નગરજનોને સંબોધન કરતા બોલે છે. બ્રુટસ કે જે જુલિયસ સિઝરનો સૌથી કરીબી, વિશ્વાસુ અને અંગત સાથીદાર અને મિત્ર હતો તેણે છેલ્લી ક્ષણે જુલિયસ સિઝર સાથે દગો કરીને વિરોધીઓ સાથે જુલિયસની હત્યા કરવાના કાવતરામાં સામેલ થઈ ગયો અને હથિયારથી જુલિયસ ઉપર અન્યની સાથે મળીને ઘાતક વાર પણ કર્યા. જુલિયસને તે હથિયારોના ઘાવથી વધુ પીડા પોતાના વિશ્વાસુ સાથીદાર બ્રુટસનાં દગાની હતી. તે પીડાથી કણસતા બોલ્યો પણ ખરો, ''યુ ટુ બ્રુટ?'' મતલબ, બ્રુટસ તું પણ આમા સામેલ છો. નાટકનું આ દશ્ય ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રીમતિ ઈન્દિરા ગાંધીની યાદ અપાવી જાય છે. તેમની હત્યા પણ તેમની રક્ષા કરવા માટે તેમની સાથે પડછાયાની જેમ સાથે રહેતા બે અંગરક્ષકોએ જ કરી હતી. આવા કાવતરામાં બ્રુટસ સામેલ હોઈ શકે તે જુલિયસની કલ્પના બહારની બાબત હતી.

જુલિયસ સિઝરની હત્યા બાદ પ્રજાજનોમાં પેદા થયેલા શંકા-કુશંકાના વાદળોને હટાવવા માટે બ્રુટસ પોતે જ જનસભાને સંબોધે છે અને તે સંબોધન દરમ્યાન ઉપરોક્ત પંક્તિઓ બોલે છે. સમગ્ર ઘટનામાં તે કેવી રીતે અને શા માટે શામેલ થયો તેનું સ્પષ્ટીકરણ કરવાની કોશિશ કરે છે. પ્રજાજનોને સમજાવતા બ્રુટસ એ વાત સાથે સહમત થાય છે કે જુલિયસ તેનો ખાસ અંગત સાથીદાર હતો અને જુલિયસના મૃત્યુનું દુઃખ તેને પણ છે. એક મિત્ર તરીકે તે જુલિયસને ચાહતો હતો પરંતુ તેની મિત્ર પ્રત્યેની ચાહત કરતા અનેકગણી વધુ ચાહતા તેને પોતાના રાષ્ટ્ર પ્રત્યે છે. રાષ્ટ્ર પ્રત્યેની નિષ્ઠા, વફાદારી મિત્ર પ્રત્યેની નિષ્ઠા અને વફાદારી કરતાં અનેકગણી વધુ હોઈ, તેણે જુલિયસની હત્યાના કાવતરામાં સામેલ થવાનું યોગ્ય લાગ્યું જુલિયસની શક્તિ, હિંમત અને યુધ્ધકલાની બ્રુટસ પૂરી પ્રશંસા કરે છે પરંતુ જુલિયસની મહત્વકાંક્ષા તેને એવી શક્યતાથી સજાગ કરે છે કે જુલિયસ સિઝર રોમન શાસનને આપખુદશાહી તરફ આગળ લઈ જશે અને રોમન પ્રજાજનોને આપખુદશાહીનો અત્યાચાર સહન કરવાનો આવે તેવી સંભાવના બ્રુટસને દેખાવા લાગી અને તેથી જ પોતાના સાથીદારની હત્યાના કાવતરામાં સામેલ થવાનું તેને વધુ યોગ્ય લાગ્યું કારણ કે તે દ્વારા બ્રુટસ રોમન પ્રજાજનોને આપખુદનાં અત્યાચારોથી બચાવવા માગતો હતો.

ઉપરોક્ત પંકિતઓ દ્વારા વિલિયમ શેક્સપિયર એ સત્યને ઉજાગર કરે છે કે વિશ્વાસ એ ખૂબ જ કિંમતી અને ભાગ્યે જ જોવા મળતુઃ માનવ-સ્વભાવનું ઘરેણું છે. માનવ-સ્વભાવ અસંખ્ય આંટી-ઘૂંટી અને વમળોથી ભરેલો હોઈ કયારે આ વિશ્વાસરૂપી ઘરેણું ચકનાચુર થઈ જાય તે કળી ન શકાય. શેક્સપિયર પોતે માનવ સ્વભાવનાં અભ્યાસુ હોઈ તેમનો ઉદ્દેશ હંમેશાં માનવ સ્વભાવ જેવો છે. વાસ્તવમાં તેવો જ રંગમંચ ઉપર રજૂ કરતા. પ્રસ્તુત પંક્તિ તેનું ઉત્તમ ઉદાહરણ છે.

---

ફોન નં. (મો) ૮૩૨૦૧ ૯૫૨૮૨

**|| સાંપ્રત સત્ય ||**

## જ્યારે કેમ્પસ ચમકે છે, પરંતુ વર્ગખંડો મૌન લાગે છે....

**યશેષ દરજી**

આધુનિક ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ (HEIs) ના અનેક કેમ્પસ સ્વપ્ન સમાન લાગે છે. આધુનિક વર્ગખંડો, ગ્લાસ ફસાડ, વિશ્વસ્તરીય પ્રયોગશાળાઓ, સ્માર્ટબોર્ડ, હરિયાળી અને આકર્ષક ડિસ્પ્લે બોર્ડ, બધું જ સ્વચ્છ, નવું અને પ્રગતિશીલ લાગે છે. પ્રથમ નજરે, આ કેમ્પસ રાષ્ટ્રની શૈક્ષણિક પ્રગતિની આશાઓને પ્રતિબિંબિત કરે છે. પરંતુ, આ ચમકદાર સપાટી નીચે એક શાંત અને થોડું ચિંતાજનક સત્ય છુપાયેલું હોય છે.

શિક્ષણ જગતના હિતેચ્છુઓ, વિદ્યાર્થીઓ, જે ભવિષ્યની પેઢીનું દિશાનિર્દેશન કરે છે. ધીમા સ્વરે એક ગંભીર સમસ્યાની વાત કરે છે. શિક્ષકોમાં સતત ફેરફાર. ફેકલ્ટી સભ્યો વારંવાર બદલાય છે. ક્યારેક તો દરેક સેમેસ્ટરમાં પ્રતિભાશાળી અને પ્રતિબદ્ધ શિક્ષકો લાંબા સમય ટકી શકતા નથી. સુવિધાઓ તો છે, પરંતુ માર્ગદર્શન, સતર્કતા અને માર્ગદર્શકત્વ (મેન્ટરશિપ) નો અભાવ છે.

**આ એક સ્વસ્થ બનાવતો પરંતુ આવશ્યક પ્રશ્ન ઉભો કરે છેઃ** જો અંદરના મનોમંદિર પ્રેરિત ન હોય, તો પરિપૂર્ણ માળખાકીય સુવિધાઓનું શું મૂલ્ય ? જયારે શિક્ષણમાં ઊંડાણ અને આત્મા ન હોય, ત્યારે સ્માર્ટ બોર્ડનો શું લાભ ?

શિક્ષણ ક્યારેય માત્ર ઈંટ અને સિમેન્ટથી બનેલું નથી. તે નિષ્ઠા, શૈક્ષણિક પ્રમાણિકતા અને પ્રેરણાદાયક શિક્ષકો દ્વારા પોષાય છે. તેમની ગેરહાજરીમાં સૌથી આધુનિક કેમ્પસ પણ ખોખલા બની શકે છે.

આ વિસંગતિને વધુ ગાઢ બનાવે છે ભારતીય જ્ઞાન પરંપરા (IKS) પ્રત્યેનો ઉપરી અભિગમ. ઘણી સંસ્થાઓ પરંપરાની વાત કરે છે, પરંતુ તે ઘણી વખત માત્ર ઔપચારિકતા સુધી સીમિત રહે છે સ્લોગન્સ, પ્રસંગોપાત કાર્યક્રમો અને પ્રતીકાત્મક રજૂઆત. સંસ્કૃતિ, કલા, વેદો, સંસ્કારો, આયુર્વેદ, મૂલ્યો અને નૈતિકતાથી સમૃદ્ધ, પરંપરાને ગહન રીતે અપનાવવા બદલે, તે માત્ર પૂરતી રહી જાય છે.

ભારતીય જ્ઞાન પરંપરાનું મૂળ તત્ત્વ ઊંડાણમાં છે, દેખાવમાં નહીં. તે એવી પરંપરા છે જે ગુણવત્તાને મહત્વ આપે છે-માત્ર સંખ્યાને નહીં, દેખાવને નહીં, કે સપાટી પરના પાલનને નહીં. જ્યારે IKS માત્ર શોભા માટે ઉપયોગમાં લેવાય છે, ત્યારે તે પોતાની જ ઊંડાણની વિરુદ્ધ બની જાય છે. જ્યારે ગુણવતતા કરતાં સંખ્યાને પ્રાથમિકતા મળે છે, ત્યારે માન્યતા (accreditation) પણ ઔપચારિક બની જાય છે.

અહીં આંતરિક ગુણવત્તા ખાતરી સેલ (IQAC) ની ભૂમિકા અત્યંત મહત્ત્વપૂર્ણ બને છે. તેને સંસ્થાનો અંતરાત્મા કહેવાય છે જે ગુણવત્તાને સતત જાળવવા માટે કાર્ય કરે છે. પરંતુ ઘણી સંસ્થા-ઓમાં તેની ભૂમિકા મર્યાદિત કરી દેવામાં આવે છે. તેને માત્ર દસ્તાવેજીકરણ, અનુપાલન અને કાર્યક્રમોના અહેવાલ સુધી સીમિત રાખવામાં આવે છે, જ્યારે તેની સાચી ભૂમિકા સંસ્થાની આંતરિક સમીક્ષા અને સુધારામાં હોવી જોઈએ.

જ્યાં IQAC ને યોગ્ય સત્તા અને માન્યતા મળતી નથી, ત્યાં ગુણવત્તાનો વિકાસ શક્ય નથી. જ્યારે તેની અવાજ દબાય છે, ત્યારે માન્યતા પ્રક્રિયા પણ દેખાવ પૂરતી બની જાય છે. સતત સુધારણા માટે સ્વાયત્તતા, સન્માન અને સંસ્થાકીય ઈચ્છાશક્તિ જરૂરી છે.

જ્યાં સુધી (IQAC) ને ગુણવત્તા ખાતરી માટેનું મુખ્ય તંત્ર તરીકે માન્યતા અને સશક્તિકરણ મળતું નથી, ત્યાં સુધી સંસ્થાઓ ઈમારતો, દેખાવ અને આંકડાઓમાં રોકાણ કરતી રહેશે-પરંતુ શૈક્ષણિક આત્મા અને સાંસ્કૃતિક ધ્યેય ગુમાવતી જશે.

ઈમારતો ખરીદી શકયા છે. પરંતુ જ્ઞાન અને પ્રજ્ઞા વિકાસાવી પડે છે.

ડેપ્યુટી રજિસ્ટ્રાર, સીવીએમ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર, (મો) ૯૭૨૪૪ ૪૯૧૦૨



ISSN 0976-9609

# *Greeshma Ritucharya*: An Ayurvedic Approach to Summer Wellness

[1]Kareena J. Desai, [2]Atharva S. Diwakar, [3]Ritesh Gujarathi

**Abstract :**

In today's era, we commonly witness more consumption of soft drinks, refrigerated water and drinks, syrups added with chemicals and preservatives etc. which is not good for one's health. Other than liquid preparations, there are many such food articles which are commonly practised by people in the season of scorching heat. In *Ayurveda*, *Ahara* is considered to be equally efficient and as important as that of *aushadha*. And for the maintenance of health, Acharyas have described the concept of following the daily regimen (*Dinacharya*) and the seasonal regimen (*Ritucharya*). While elaborating about the seasonal regimen (*Ritucharya*), they have mentioned various food substances and their preparations which are conducive to health specifically in the given season. Hence, an approach has been developed to elaborate the *Pathyakara Ahara* given for *Greeshma Rutu*.

**Introduction**

*Ahara*, being a component of the pillars of Ayurveda, is considered to be one of the major factors which is responsible for both i.e. a healthy and a diseased state of a human being. The importance of *ahara* as mentioned in Charak Samhita says "Food helps in sustenance of the life of living beings. All the living beings in the world requires food. Complexion, clarity, good voice, longevity, intelligence, happiness, satisfaction, nourishment, strength and intellect are all present in food. Professional activities leading to happiness in this world, vedic procedures leading to heaven and observance of truth, abstinence leading to liberation are all dependant on food." *Ahara* is considered to be *Rasa pradhana* and *Pathya ahara* means the one which is good for *srotas* and is liked by our mind. In order to spread the awareness towards ancient healthy regimen given in classical texts of Ayurveda, the given article has been written which describes about the *Pathyakara Ahara* given in *Greeshma Ritucharya*. With the insights to practice such preparations, an approach has been done to elaborate those preparations.

**Aim & Objectives :**

To enlist *Pathyakara Ahara* and the food preparations as mentioned in *Greeshma Ritucharya*.

Elaboration of some food preparations enlisted in the *Greeshma Ritucharya* with the reference of *teeka* and other *Samhita*.

**Materials & Methods :**

The references of *Pathyakara Ahara* as described in *Astang Hridaya*, *Astang Sangraha* and *Charak Samhita* are elaborated with the special reference of its *Teeka*.

For detailed elaboration of preparation, the references from *Sharangdhara Samhita* have been referred.

Prior describing about specific *ahara*, Acharya has advised to consume food which is *Madhura rasaatmaka*, *laghu*, *snigdha*, *shita* and *drava guna pradhana*. Due to the scorching heat in summer season, preference to liquid food items have been given along with sweet substances as both of them does instant nourishment of the body.

**The preparations are enlisted below:**

1. A gruel (soup) of *lehya* (lickable) consistency prepared using *Saktu* and *Sarkara* (Sugar candy). The prepared dish should be kept and served in newly formed mud pot.
2. Consumption of *Mantha*-

   A *Mantha* (liquid preparation) made using more amount of Water and *Saktu*. Addition of *Sarkara* (Sugar candy) can also be done.

   It can be prepared with the ratio of 1-part *Saktu* and 4 parts of Water, soak it for 3 hours, macerate the mixture properly and then filter it, the preparation is ready to drink.
3. *Shali* (rice) which is white in colour should be consumed along with *Jangala mamsa rasa* (thin soup).

   Here, specifically use of white rice has been told as it has *laghu*, *snigdha*, *shita guna*.
4. Consumption of *Jangala mamsa* and *Mrg pakshi Anna* along with *Shali* (rice), *Kshira* (Milk), *Ghrita* (Ghee), *Draksha* (Grapes), *Narikela ambu* (Coconut water) and *Sarkara* (Sugar candy).
5. Consumption of *Mamsa rasa* which is not too thick.
6. Consumption of *Rasala*-

   Curd which churned with hands and which is mixed with *Maricha* (*Piper longum*), *Sarkara* (Sugar candy) etc. Addition of *Sunthi* (*Zinger officinale*) and *Jeeraka* (*Cuminum cyminum*) can also be done.
7. Consumption of *Raga*-

   *Panaka* (liquid preparation) prepared using *Madhura* (Sweet), *Amla* (Sour), *Lavana* (Salty) *Dravyas*.
8. Consumption of *Khandava*-

   It is a liquid preparation made using *Madhura* (Sweet), *Amla* (Sour), *Lavana* (Salty), *Katu* (Pungent) and *Kashaya* (Astringent) *Dravyas*.
9. Consumption of *Panchasaara*-

   It is a liquid preparation made using *Madhu* (Honey), *Kharjura* (Dates), *Mrdwika* (Dried raisins), *Parusha* (riped fruit of *Grewia asiatica*) and *Sita* (Sugar).

   It can be prepared with the ratio of 1 part *Dravya* (total) and 4 parts of Water, soak it for 3 hours, macerate the mixture properly and then filter it, the preparation is ready to drink.

   It can also be consumed along with *Ghrita* (Ghee), *Taila* (Oil), *Saktu*.

   It is then taken in a newly prepared mud pot along with the leaves of *Kadali* (Banana) and *Narikela* (Coconut).


ISSN 0976-9609

10. Water which is cooled and flavoured with flowers of *Patala* (*Stereospe rmum suaveolens*) and mixed with karpura (Camphor).

11. Consumption of *Shashankirana* along with *Mahisha kshira* (buffalo's milk) mixed with Sarkara (Sugar candy) and which cooled by the rays of moon and stars.

    *Shashankirana* is prepared with the flakes of *Talisa* (*Abies webbiana*) powder mixed *Karpura* (Camphor) and *Sita* (Sugar).

12. Consumption of *Shali* (rice) along with *Ghrita* (ghee) and Milk.

**Discussion :**

Food is the basic requirement for all living organisms. Specifically, while discussing about summer season, the varied liquid preparations and the flavoured and fusion ready-made drinks priorly comes in mind. Due to excessive heat during the season, liquid pre parations are more preferred than solid. Now a days, most of us use refined sugar instead of using *sarkara* (sugar candy) which is not conducive to one's health. And the liquid drinks available in market contains high amount of sugar content and preservatives which is also not conducive to one's health. Some of the people consume freshly prepared fruit juices which is good for health but not for all. According to *Ayurveda*, fruit juices are guru in nature. It is suggested to have diluted fruit juices based on ones Agni (digestive fire). Various food preparations mentioned by Acharyas are elaborated in us to bring them into routine practice by all of us. They are decoded in the easiest possible way so that each and every one can follow the healthy regimen given in *Ayurveda*.

**Conclusion :**

Food is the basic requirement of a human body. But most of us have made it as the requirement for mind. All of us are aware about consumption of more amount of fluid during the summer season. So, soft drinks, cold drinks, flavoured drinks etc. are highly consumed as those are felt pleasant to mind due to its sweet, sugary taste and are chilled using refrigerators, freezers. The use of earthen pots for the purpose of cooling is commonly considered an ancient concept. Hence, to replace the current practices by a healthy and pleasing methods, the recipes as mentioned by Acharyas in different *Samhita* can be brought into routine with the given brief and convenient description.

[1]Final Year UG Student, G. J. Patel Institute of Ayurvedic Studies and Research, Anand
[2]Final Year UG Student, G. J. Patel Institute of Ayurvedic Studies and Research, Anand
[3]Professor & Head of the Department, Samhita Siddhanta & Sanskrit, G. J. Patel Institute of Ayurvedic Studies and Research, Anand

**રાષ્ટ્રીય સ્તરે એમ.યુ. પટેલ (ટેક્.) હાઈસ્કૂલનો ડંકો – ROBOFEST-5.0 માં દ્વિતીય ક્રમ સાથે રૂ.૩.૩ લાખનો રોકડ પુરસ્કાર**

Science City, Gandhinagar ખાતે યોજાયેલ National Level ROBOFEST-5.0 ની ગ્રાન્ડ ફિનાલેમાં વલ્લભ વિદ્યાનગર સ્થિત ચારુતર વિદ્યામંડળ આશીર્વાદિત એમ.યુ. પટેલ (ટેક્નિકલ) હાઈસ્કૂલના ધોરણ-૯ ના વિદ્યાર્થી ધ્રુવલ પરમાર, દેવ ઠાકોર, અરહાન ખલીફા અને આમિર ખલીફા એ ''AI Autonomous Driving Bots'' કેટેગરીમાં દ્વિતીય ક્રમ પ્રાપ્ત કરીને શાળા તેમજ સમગ્ર વિસ્તારનું ગૌરવ વધાર્યું છે.

ગુજરાત સરકારના Department of Science and Technology (DST) તથા Gujarat Council on Science and Technology (GUJCOST) દ્વારા આયોજિત આ પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય કક્ષાની રોબોટિક્સ સ્પર્ધામાં ટીમને રૂ.૩,૦૦,૦૦૦/- નો રોકડ પુરસ્કાર માનનીય વિજ્ઞાન અને ટેક્નોલૉજી મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો. ઉપરાંત વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવેલ રોબોટને Regional Science Centre, Patan ખાતે કાયમી પ્રદર્શન માટે સ્થાન મળવું એ શાળા માટે ગૌરવની બાબત બની છે.

આ નોંધપાત્ર સિદ્ધિ પાછળ શાળાના આચાર્યશ્રી તથા ટીમ મેન્ટર શ્રી હસિતભાઈ આઈ. પાઠકનું માર્ગદર્શન મહત્ત્વપૂર્ણ રહ્યું છે. ચારુતર વિદ્યામંડળના પરમ આદરણીય હોદ્દેદાર સાહેબશ્રીઓએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી તેમની આ સિદ્ધિને બિરદાવી હતી તેમજ ભવિષ્યમાં વધુ સિદ્ધિઓ પ્રાપ્ત કરી સંસ્થાનું નામ વધુ ઉજ્જ્વળ બનાવે તેવી શુભેચ્છાઓ તથા આશીર્વાદ પાઠવ્યા હતા.

**આઈસ્ટાર કૉલેજના વિદ્યાર્થીઓ ઇન્ટર યુનિવર્સિટી વેસ્ટ ઝોન હેન્ડબોલ સ્પર્ધામાં પસંદગી પામ્યા :** ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટી સંચાલિત આઈસ્ટાર કોલેજના વિદ્યાર્થીઓ માનસ જોતવા (કેપ્ટન), જીતેન્દ્ર રાઠોડ, હિમાંશુ વાજા, જયદીપ વનારા અને નીરવ રાવલીયાની ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટીની ટીમમાં ઇન્ટર યુનિવર્સિટી વેસ્ટ ઝોન હેન્ડબોલ ભાઈઓની સ્પર્ધા માટે પસંદગી પામીને યુનિવર્સિટી ઓફ એન્જિનિયરિંગ એન્ડ મેનેજમેન્ટ, જયપુર, રાજસ્થાન ખાતે સ્પર્ધામાં ભાગ લઈ ખૂબ સુંદર દેખાવ કર્યો હતો. કૉલેજના માનસ જોતવા (સ્પોર્ટસ સેક્રેટરી) અને જીતેન્દ્ર રાઠોડ સતત ચોથા વર્ષે ઇન્ટર યુનિવર્સિટી વેસ્ટઝોન હેન્ડબોલ ટીમમાં સ્થાન પામ્યા છે. આ તમામ ખેલાડીઓએ સંસ્થા તેમજ યુનિવર્સિટીને ગૌરવ અપાવ્યું છે. જે બદલ આઈસ્ટાર તથા સીવીએમ યુનિવર્સિટી તરફથી પસંદગી પામેલ વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

**B.J.Vanijya Mahavidyalaya (Autonomus)**

**18/01/2026 :** Expert Talk on the "Legal Metrology Act, 2019 and Consumer Protection Act, 2019" Dr. N. S. Parmar, President, Parivartan Trust, Vallabh Vidyanagar-50

**19/01/2026 :** Expert Talk on "No Drugs Campaign"Shri Raju Basnet, Full-time Member, Invincible NGO.

**22/01/2026 :** Placement Drive for Girl Students Placement Cell, BJVM Girl students of TYBCOM, TYBBA, and MCOM

**29/01/2026** "Research Paper Writing Competition" under "Nari Gaurav Niti"

 ISSN 0976-9609

Judge : Dr. Pinki Nenwani, Adhyapak Sahayak, B. J. Vanijya Mahavidyalaya 8 First Rank was secured by Hinal M. Prajapati (M. Com.-Previous), the Second Rank by Florence D. Macwan (M. Com.-Previous), and the Third Rank by Shreya Solanki (T.Y.B.Com.) and Dipti R. Gohel (F.Y.B.Com)

**30/01/2026** Session on Women's Health and Hygiene–Nari Gaurav Niti, Dr. Shree A. Jani, Consultant Gynae cologist at Rudraksh Women's Hospital, Anand

**31/01/2026:** Awareness of self Defense in Women Programme

Dr. Uma Sharma (Assistant Professor Founder and President "Sinchan" Dayashakun Foundation) was invited from, Vallabh Vidyanagar.

**02/02/2026 to 07/02/2026**

One Week Mahila Swa-Bachav Karate Training (2025-26) Shri.Chetan Fumakiya, Director of Pratibha Academy, VV Nagar, Anand. 51 Girls

**03-02-2025** "under Nari Gaurav Niti WDC convener Mrs. Rupal Vora 115 Girls

**05-02-2026,** Thursday expert talk on "Beyond Pink and Blue: Respect, Identity and Inclusion" (Women Development Cell) 2025-260

Dr. Shivani Mishra, Professor and Director of Department of Social Work, SPU FYBCOM, FYBBA and MCOM

**06-02-2026** Skill Development Work shop for Girl Students Mr. Bhavik Gauswami, Certified JCI Trainer 55

**09-02-2026 To 10-02-2026**

Two-Day Workshop on "Bloom's to Outcomes" (1) Dr. Prithi Menon, I/C Principal of SEMCOM College (2) Dr. Renil Thomas, Assistant Professor at SEMCOM College-For faculty.



## ।। સૂચના ।।

૧. 'વિ-વિદ્યાનગર' વલ્લભ વિદ્યાનગરના શૈક્ષણિક ટ્રસ્ટ ચારુતર વિદ્યામંડળ તરફથી દર માસે નિયમિત પ્રકાશન થતું શિક્ષણ, સાહિત્ય અને સંસ્કાર વિષયક સામગ્રી પીરસતું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક છે. માનવજીવનને ઉન્નતિકારક અને યુવાવર્ગને પ્રેરક, શિષ્ટ સરળ શૈલીમાં, મૌલિક, અનુવાદિક ઉપરાંત સંચય સ્વરૂપ (digest)) માં પણ સામગ્રી આપવામાં આવે છે.

૨. |વિ| માં મોકલેલું લખાણ મૌલિક હોવું જરૂર છે. પ્રકાશન અર્થે કૃતિ મોકલતી વખતે સર્જકે એની ઝેરોક્ષ નકલ પોતાની પાસે અવશ્ય રાખવી. તંત્રીને ઝેરોક્ષ નકલ મોકલવી નહિ. મૂળ લખાણ જ મોકલવું. લખાણ કાગળની એક બાજુએ, ફૂલસ્કેપ કાગળ પર હાંસિયો પાડીને જ મોકલવું જરૂરી છે. પોસ્ટકાર્ડ કે ઈન્લૅન્ડ પર મોકલેલું લખાણ પ્રકાશન માટે સ્વીકારવામાં આવશે નહિ. કૃતિના સ્વીકાર-અસ્વીકાર અંગેના નિર્ણયનો અધિકાર તંત્રી-સંપાદક મંડળનો રહેશે.

૩. સાધારણ રીતે લાંબા લેખોને અવકાશ ઓછો છે. લખાણ ટૂંકું અને મુદ્દાસર હોય એ જરૂરી છે. લખાણમાં અંગ્રેજી શબ્દનો ઉપયોગ કર્યો હોય ત્યાં સાથે કૌંસમાં ગુજરાતી પર્યાય આપવો આવશ્યક છે. લખાણ ગુજરાત વિદ્યાપીઠના માન્ય જોડણીકોશ અનુસારની જોડણીમાં હોવું જરૂરી છે. લેખમાંના અભિપ્રાયની જવાબદારી સંબંધિત સર્જકની જ રહેશે, તંત્રી કે સંપાદક મંડળ એ અંગે જવાબદાર રહેશે નહીં.

૪. |વિ| માં મોકલેલું લખાણ પ્રકાશન અર્થે અન્ય સામયિકને પણ મોકલેલું ન હોવું જોઇએ. એ અંગેની કાળજી તેમજ જવાબદારી સર્જકે રાખવી જરૂરી છે. સામાન્ય રીતે બે-ત્રણ માસમાં કૃતિ પ્રકાશિત ન થાય તો અસ્વીકૃત કૃતિ પરત મોકલવાની પદ્ધતિ નથી. તેથી જવાબી ટપાલીખર્ચ ન મોકલવું લેખ/કૃતિ અંગે કોઇ પત્ર વ્યવહાર ટેલીફોન કે રૂબરૂ સંપર્ક કરવો નહિ.

૫. પ્રત્યેક કૃતિ નીચે સર્જકે બેન્ક એકાઉન્ટ નંબર પ્રમાણે પોતાનું નામ, બેન્ક એકાઉન્ટ નંબર IFSC Code તથા પિનકોડ સાથેનું પૂરેપૂરું સરનામું અવશ્ય લખવું. જેથી સર્જકની પુરસ્કારની રકમ જમા કરાવવામાં સરળતા રહે. અપૂરતી વિગતને કારણે પુરસ્કારની રકમ જમા ન થઇ શકે તો જવાબદારી સર્જકની રહેશે. આથી દરેક વિગત ચકાસણીને મોકલવી.

૬. 'વિ-વિદ્યાનગર' દર માસની પાંચમી તારીખે નિયમિતરૂપે પ્રકાશિત થાય છે. સામયિકનો અંક ચોક્સાઇથી રવાના કરવામાં આવે છે. ટપાલમાં અંક ગેરવલ્લે જાય તો તે અંગેની જવાબદારી સંસ્થાની નથી. અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રગટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે. અલબત્ત, અંક સિલકમાં હશે તો બીજી નકલ મોકલવામાં આવશે.

૭. લવાજમ વાર્ષિક-આજીવન રૂબરૂમાં-મની ઓર્ડરથી-બેન્ક ડ્રાફ્ટ-ચેકથી મોકલી શકાય. મનીઑર્ડરની કૂપનમાં ગ્રાહકે સ્પષ્ટ અક્ષરે પોતાનું નામ સરનામું, પિનકોડ સાથે લખવું. બહારગામના બેન્ક ડ્રાફ્ટ-ચેકમાં લવાજમની રકમ ઉપરાંત રૂપિયા પાંત્રીસ ઉમેરવા. ગમે તે માસથી ગ્રાહક થઇ શકાય છે. લવાજમ 'ચારુતર વિદ્યામંડળ' ના નામે મોકલવું.

૮. દિવંગત થયેલા આજીવન ગ્રાહક અંગે તેમના સગાં-સંબંધીઓને તે વિશે કાર્યાલયને જાણ કરવા વિનંતી.

૯. વ્યવસ્થા અંગેનો તેમજ તંત્રી સાથેનો સઘળો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો.


**ડૉ. ઉર્વીશ છાયા**

**તંત્રીશ્રી, વિ-વિદ્યાનગર, આસિ.પ્રોફેસર, (અધ્યક્ષ માઈક્રોબાયોલોજી એન્ડ ફૂડ ટેકનોલોજી વિભાગ)**

**એન.વી.પટેલ સાયન્સ કૉલેજ** (N.V.P.A.S.), **વલ્લભ વિદ્યાનગર**

**ઈ-મેઈલ** : editor.vidyanagar@gmail.com.


**લવાજમ**

**વાર્ષિક** : ₹ ૧૫૦, સ્થાનિક વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહક લવાજમ ₹ ૧૦૦

**આજીવન** : ₹ ૧૫૦૦

**વિદેશમાં** : ૨૫ $ અથવા ૧૫ £ આજીવન ૧૦૦ $ અથવા ૭૦ £

**છૂટક નકલની કિંમત** : ₹ ૧૫ + રવાનગી ખર્ચ ₹ ૧૦




ISSN 0976-9609

# ॥ શ્રદ્ધાંજલિ ॥



ચારુતર વિદ્યામંડળના ભૂતપૂર્વ અધ્યક્ષ અને ન્યુ વલ્લભ વિદ્યાનગરના સ્થાપક સ્વ. ડૉ. સી.એલ.પટેલની જન્મજયંતિ નિમિત્તે તા.૧૦-૦૪-૨૦૨૬ને શુક્રવારના રોજ સવારે ૧૦-૦૦ કલાકે ન્યુ વલ્લભ વિદ્યાનગર ખાતે આવેલ મઢુલીમાં તેઓનું તૈલચિત્ર મુકવામાં આવેલ છે ત્યાં પુષ્પાજંલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી તથા ધી ચારુતર વિદ્યામંડળ (સીવીએમ) યુનિવર્સિટીના પ્રમુખશ્રી એન્જિ.ભીખુભાઈ બી.પટેલ, માનદ્ મંત્રી ડૉ. એસ.જી.પટેલ, માનદ્ સહમંત્રીશ્રી વિશાલ એચ.પટેલ, સુશ્રી વિનોદીનીબેન બી.પટેલ તથા કૉલેજના આચાર્યશ્રીઓ / વડાશ્રીઓ તથા ચારુતર વિદ્યામંડળના કર્મચારીગણ ઉપસ્થિત રહ્યા હતા અને પૂ. ડૉ. સી. એલ.પટેલને પુષ્પાજંલિ અર્પણ કરી હતી.



BOOK POST
May 2026

V-Vidyanagar 28 (5)
Published on 05/5/2026
No. of Pages 40 Including Cover
ISSN 0976 – 9609 V-Vidyanagar

Postal Regd. No. AND/318/2024-26
RNI Regd. No. GUJGUJ/2001/05433
Posted at Vallabh Vidyanagar on
5th of Every Month



અનુપમ મિશન, ઉપાસના ધામ, વેમાર, તા. કરજણ ખાતે શ્રી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિરજી, દિવ્ય દશાબ્દી પાટોત્સવ મહાપર્વ પ્રસંગે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ તથા ધી ચારુતર વિદ્યામંડળ (સીવીએમ) યુનિવર્સિટીના પ્રમુખશ્રી એન્જિ. ભીખુભાઈ બી. પટેલને શિક્ષણ ક્ષેત્રે તેઓશ્રીના અમૂલ્ય પ્રદાન બદલ પ્રગટ ગુરુહરિ સંત ભગવંત સાહેબજી મહારાજના વરદ્ હસ્તે ‘‘શાલીન માનવરત્ન’’ સન્માનથી વિભૂષિત કરાયા હતા.
આ પ્રસંગે સદગુરુ સાધુ પૂજ્ય અશ્વિનદાદા, પૂજ્ય મનોજદાસજી, ચારુતર વિદ્યામંડળના ઉપપ્રમુખશ્રી મનીષભાઈ એસ. પટેલ, સહમંત્રીશ્રીઓ મેહુલભાઈ પટેલ, વિશાલભાઈ પટેલ, ધી ચારુતર વિદ્યામંડળ (સીવીએમ) યુનિવર્સિટીના પ્રોવોસ્ટ પ્રો. (ડૉ.) ઈન્દ્રજિત પટેલ, પરમ આદરણીયશ્રી ડી. સી. પટેલ સાહેબ તથા ચારુતર વિદ્યામંડળ અને અનુપમ મિશન સાથે સંકળાયેલા દેશ વિદેશના ભક્તો તેમ જ શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

**Editor : Dr. Urvish Chhaya**

**If undelivered, return to**
Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal,
Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)
(Printed, Published and Owned by Charutar Vidya Mandal, Vallabh Vidyanagar )